Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૪૩ મું :: ૧૦ મો

સંવત ૧૯૮૪ :: પોષ :: વીર સંવત ૨૪૫૪

પ્રકટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ બહારગામ માટે રૂ ૧-૧૨-૦ ચાર આના ભેટના પોસ્ટેજ સાથે.

પુસ્તક ૫૩ મું । અંક ૧૦ મો. । પોષ । વીર સં. ૨૪૬૪ । વિક્રમ સં. ૧૯૯૪

## अनुक्रमणिका

૧ અવસર વીતી જાય છે ( પદ્ય ) ... ( માસ્તર પ્રેમશંકર દેવશંકર ) ૩૪૫
૨ શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ ( પદ્ય )... ... ( મુનિ વિદ્યાવિજય ) ૩૪૬
૩ રવીંદ્રનાથ ટાગોરકૃત કવિતાનો ગુજરાતી અનુવાદ ( સંપાદક શામજી હેમચંદ) ૩૪૭
૪ પ્રસ્તાવિક સદ્બોધ સંગ્રહ ... ... ... ( સ. ક. વિ. ) ૩૪૮
૫ શુભ ક્રિયામાં આદર વિગેરે અનેક બાબતો ... ( સ. ક. વિ. ) ૩૫૦
૬ શ્રી ચિદાનંદજીકૃત પદ ... ... ... ... ,, ૩૫૧
૭ સોળ સદ્ભાવનાઓ ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૩૫૨
૮ પર્વતિથિ સંબંધી વિચારણા ... ... ... ... ( કુંવરજી ) ૩૫૩
૯ લેખન અને વક્તૃત્વ સફળ કેમ થાય ? ( રાજપાળ મગનલાલ વહોરા ) ૩૫૪
૧૦ જૈન ધર્મની વિશાળતા વિગેરે ... ... ... ( કુંવરજી ) ૩૫૮
૧૧ વ્યવહાર કૌશલ્ય. નાના લેખ ૩ ( ૧૦૬ થી ૮ ) ... ( મૌક્તિક ) ૩૬૨
૧૨ ભાવનગરમાં દીક્ષા મહોત્સવ ... ... ... ... ( કુંવરજી ) ૩૬૫
૧૩ પ્રશ્નોત્તર ... ... ... ... ( પ્રશ્નકાર-અગરચંદ નાહટા ) ૩૬૭
૧૪ સદ્ગુણાનુરાગીનો વિરહ ... ... ( વકીલ છોટાલાલ ત્રીકમદાસ ) ૩૭૨
૧૫ સૂક્તમુક્તાવળીઃ સિંદૂર પ્રકર. સમશ્લોકી ભાષાંતર (ભગવાનદાસ મ. મહેતા) ૩૭૬
૧૬ પ્રભાવિક પુરુષોઃ અભયકુમાર ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૩૮૨

---

## વ્યવહાર કૌશલ્ય

### વિભાગ ૧-૨ લેખ ૫૧-૪૯=૧૦૦

ખાસ વાંચો-વંચાવો ને અનુકરણ કરો.

( લેખકઃ—મૌક્તિક )

શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર-ગ્રંથમાળા મણકો ૨૩-૨૪ મો. આ બંને બુક ૧૦૦ ૧૦૦ પાનાની છે. યોગ્ય સજ્જનોને ભેટ આપવાની છે. જૈનેતરને પણ લાભ મળી શકે. પોસ્ટેજ બે આના મોકલવા. આ નમૂનાની બીજી બુક લભ્ય થશે. [illegible] શ્રી જૈન ધર્મ પ્રકાશમાં આવી ગયેલા લેખોનો સંગ્રહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૩ મું | પોષ | અંક ૧૦ મો
વિ. સં. ૧૯૯૪ | | વીર સં. ૨૪૬૪

# અવસર વીતી જાય છે

વીરનું નામ સ્મરી લે પ્યારા ! અવસર વીતી જાય છે (૨)
અવસર વીતી જાય છે, ફોકટ ગોથાં ખાય છે.
જિનનું નામ સ્મરી લે પ્યારા ! અવસર વીતી જાય છે (ટેક)
બચપણ તારું રમતગમતમાં, જતાં ન લાગી વાર;
માત તાતના અંકે ખેલતાં, અવસર વીતી જાય છે.
યુવાનીના મદમાં જાતાં, જાણી નહી દિનરાત;
છળ દંભથી ધન હરવામાં, અવસર વીતી જાય છે.
મમતી થઈ મારાપણું દાખવી, વધાર્યો ક્લેશ કુસંપ;
પરની નિંદા ને ઈર્ષામાં, અવસર વીતી જાય છે.
એમ યુવાની અસ્ત થઈ, થયું બુઢાપણનું રાજ;
હજી તો 'મારું મારું' કરતાં, અવસર વીતી જાય છે.
ક્રોધ તે તારે કાળજે ચોંટ્યો, લોભે ખોયું લક્ષ;
મોહ માયાની મસ્તીમાં, અવસર વીતી જાય છે.
મિથ્યાવાદની મોહજાળમાં, છોડ્યો સત્યનો પંથ;
અજ્ઞાન તિમિરમાં ભમતાં, અવસર વીતી જાય છે.
મહાવીર દેવની સાચી આજ્ઞા, અહિંસાએ ભરપૂર;
એહ આજ્ઞા પાળો પળાવો, અવસર વીતી જાય છે.
મનુષ્ય જન્મ પામ્યાતણો, આ વખત અમૂલ્ય ગણાય;
પ્રેમ પ્રભુથી પ્રીત લગાડો, અવસર વીતી જાય છે.

માસ્તર પ્રેમશંકર કેવળરામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीचतुर्विंशतिजिनस्तुति

[ અનુસંધાન પૃષ્ઠ ૩૦૬ મો ]

अरविन्द-लोचन रूप अनुपम, धर्म के अनुरूप हो,
श्रीधर्मजिनवर नाथ भयहर, और सिद्धस्वरूप हो।
तारणतरण शुभ नाम पाया, हे विभो! जग में अहा!,
अब शरण राखो नाथ! अपने, सेव्य हो मेरे महा ॥ १५ ॥

परिवरक्षक ईश जिनवर, विश्व के आधार हो,
लखते सभी नर प्रेम से वे, विमल गुण के हार हो।
हे नाथ! चौ गति चौक में मम, कष्ट देते कर्म हैं,
सब शान्त कर दो शान्ति जिनवर, आप का यह धर्म है ॥ १६ ॥

हे कुन्थुजिन! अघपुंज वारक, मेट दो सन्ताप को,
हो परमध्यानी श्रेष्ठज्ञानी, माफ कर मुझ पाप को।
दुःखरोग नरक निगोद के हैं, जो सभी वह नष्ट हो,
शुभ जन्म गति कुल प्राप्त हो, मम धर्म जिनवर इष्ट हो ॥ १७ ॥

सुसमवसरण में बैठ के, उपदेश की शुभ वृष्टि से,
करते चराचर जीव का, उद्धार निज समदृष्टि से।
अरनाथ जिनवर विश्वजन के, वन्द्य हो उत्कर्ष से,
फिर आप सदृश क्यों न करते ?, नाथ मुझ को हर्ष से ॥ १८ ॥

सर्वज्ञ हो प्रभु सर्वदर्शी, निर्विकारी सत्य हो,
षट् भूप को गणधर किये थे, आप ही कृतकृत्य हो।
सब देव देवी इन्द्र आदिक, सेवते हैं आप को,
शुभ पुन्यराशी प्राप्त करके, दूर कर भव-ताप को ॥ १९ ॥

सुर इन्द्र किन्नर नाग सेवे, श्रेय पदकज को विभो!,
मुनिसुव्रत हो आनन्दकारी, आप की जय हो प्रभो!।
अशरण-शरण हो नाथ जग के, ज्ञानगुण भरपूर हो,
लयलीन रहते ध्यान में जो, विपद से वो दूर हो ॥ २० ॥

अनुपम अगोचर जिन अभोगी, योग्य हो आराध्य हो,
नमिनाथ अद्भुत श्रेष्ठ निज-गुण के विलासी साध्य हो।
निज चित्त को शुभ ज्ञान में, लयलीन कर फिर मोक्ष में,
इस भाँति मेरे चित्त को भी, क्यों न करते मोक्ष में? ॥ २१

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर त्याग राजुल का अहो, प्रभु रैवताचल को गये,
फिर बन गये झट ही अयोगी, अचल सुख में रम गये।
सर्वेश हो जगजीव के प्रभु, नेमिनाथ प्रसिद्ध हो,
अब कर कृपा वरदान हमको, दीजिये जो सिद्ध हो ॥ २२ ॥

ॐ पार्श्व ह्रीँ श्रीँ जाप को नर, नित्य करते प्रेम से,
होती सफल सब सिद्धियाँ नित, शीघ्र उनकी क्षेम से।
पाते सदा जय राज में सब, विघ्न जाते स्फूर्त्ति से,
अब चित्त मेरा हर्ष पाता, आप की लख मूर्त्ति से ॥ ॥ २३ ॥

सर्वज्ञ पद को प्राप्त कर फिर, सर्व अतिशय धार के,
संसारसागर से तिरे प्रभु, और को भी तार के।
है आप का ही शरण मुझ को, अचलपद को दीजिये,
हे वीरप्रभु! इस बाल की भी, प्रार्थना सुन लीजिये ॥ २४ ॥

चौवीस जिन स्तुति चैत्र सुदि छठ, पूर्ण है प्रभु नाम में,
शुभ वेद-निधि-नव-चन्द्र गुम्फित, नगर कुक्षी धाम में।
राजेन्द्रसूरि यतीन्द्र वाचक, पाद-पद्म-ललाम में,
रह कर सदा मुनिराज विद्या, रमत जिन गुणग्राम में ॥ २५ ॥

वि. सं. १९९४ मुनि विद्याविजय

## શ્રી રવીંદ્રનાથ ટાગોરકૃત બંગાળી કવિતાનો ગુજરાતી અનુવાદ

કરો રક્ષા વિપદમાંથી, ન એવી પ્રાર્થના મારી;
વિપદથી ના ડરું કોદી, પ્રભુ એ પ્રાર્થના મારી. ૧
ચહું દુઃખ તાપની શાંતિ, ન એવી પ્રાર્થના મારી;
સહું દુઃખો શકું છતી, પ્રભુ એ પ્રાર્થના મારી. ૨
તું લે શિર ભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી;
ઉપાડી હું શકું સ્હેજે, પ્રભુ એ પ્રાર્થના મારી. ૩
સહાયે કો ચડી આવો, ન એવી પ્રાર્થના મારી;
ખૂટો ના આત્મબળ દોરી, પ્રભુ એ પ્રાર્થના મારી. ૪
પ્રભુ તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી;
તરી જવા ચહું શક્તિ, પ્રભુ એ પ્રાર્થના મારી. ૫
સુખી દિને સ્મરું તારે, દુઃખી અંધાર રાત્રિએ;
ન શંકા તું વિષે આવે, પ્રભુ એ પ્રાર્થના મારી. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવિક સદ્બોધ સંગ્રહ

( સંગ્રાહક:—સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી )

( ૧ ) ગૃહસ્થ-ભાઇ બ્હેનોએ દશ ઠેકાણે દશ ચંદ્રવા જીવજંતુના રક્ષણ અર્થે બાંધવાની મર્યાદા નીચે મુજબ:—૧ પાણીયારા ઉપર, ૨ રસોડામાં, ૩ ઘંટી ઉપર, ૪ ખારણીયા ઉપર, ૫ વલોણા ઉપર, ૬ ભોજન કરવાના સ્થળે, ૭ શયન કરવાના સ્થળે, ૮ ઘર દેરાસરમાં, ૯ સામાયિક-પોષધાદિક કરવાને સ્થળે ( પોષધશાળામાં ) તથા ૧૦ ફાલતુ રાખી મૂકવા માટે.

( ૨ ) તીર્થયાત્રા પ્રસંગે યાત્રિકોએ યાત્રા પ્રસંગે પાળવા યોગ્ય છ-રીની સમજ:— ૧ સચિત્તપરિહારી, ૨ એકલઆહારી, ૩ પાદચારી, ૪ ભૂમિસંથારી, ૫ બ્રહ્મચર્યધારી, ૬ આવશ્યક-દોયવારી અથવા શુદ્ધ સમ્યક્ત્વ( સમકિત )ધારી, એ છ-રી જરૂર પાળવી.

( ૩ ) સાત ભય ટાળવા યોગ્ય:—૧ ઇહલોક ભય, ૨ પરલોક ભય, ૩ ચોર ભય, ૪ અકસ્માત ભય, ૫ આજીવિકા ભય, ૬ અપયશ ભય અને ૭ મરણ ભય.

( ૪ ) સાત ઇતિ:—૧ ઉપદ્રવ, ૨ અતિવૃષ્ટિ, ૩ અનાવૃષ્ટિ, ૪ સ્વચક્રભય, ૫ પરચક્ર ભય, ૬-૭ તીડ, મૂષક ( ઉંદર ), સૂડા વિગેરે ધાન્યનાશક જીવોનો ઉપદ્રવ.

( ૫ ) નયના બે ભેદ:—૧ દ્રવ્યાર્થિક નય, ૨ પર્યાયાર્થિક નય ( ખાસ સમજવા યોગ્ય ) ૧ મૂળ વસ્તુમાં રહેલા અનંત ગુણ-ધર્મોમાંથી કોઇ એક ગુણ-ધર્મને સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરવામાં આવે તેને જૈન પરિભાષામાં **નય** કહેવામાં આવે છે. તેમાં પણ મૂળ વસ્તુનું સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરવાવાળા વિચારને **દ્રવ્યાર્થિક** નય કહે છે અને વસ્તુમાં રહેલા અનંત ધર્મોનું સાપેક્ષ દૃષ્ટિથી નિરૂપણ કરવાના વિચારને **પર્યાયાર્થિક** નય કહે છે. ઉક્ત નયના સામાન્યત: સાત પ્રકાર છે:—૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત. (બહુ બારીકાઇથી ગુરુગમ્ય સમજી લેવા યોગ્ય છે.)

( ૬ ) શ્રી મૌન એકાદશી ( માગશર શુદિ ૧૧ )ને દિવસે જિનોનાં ૧૫૦ કલ્યાણક છે તેની સમજ. આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીના જિનોનાં પાંચ કલ્યાણક થયાં છે તે આ પ્રમાણે—અઢારમા શ્રી અરનાથપ્રભુનું દીક્ષા કલ્યાણક, ઓગણીશમા શ્રી મલ્લિનાથ પ્રભુનાં જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન એમ ત્રણ કલ્યાણક અને એકવીશમા શ્રી નમિનાથ પ્રભુનું કેવળજ્ઞાન કલ્યાણક. એમ ત્રણ તીર્થંકરોનાં પાંચ કલ્યાણક થયા છે. એ રીતે પાંચે ભરતક્ષેત્રનાં તથા પાંચે ઐરવતક્ષેત્રનાં મળી દશ ક્ષેત્રની દશ ચોવીશીનાં ત્રીશ તીર્થંકરોનાં પચાસ કલ્યાણકો થયાં છે. તથા અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળનાં થઇને ત્રીશ ચોવીશીનાં નેવું તીર્થંકરોનાં મળી દોઢસો કલ્યાણકો મૌનએકાદશીને દિવસે જાણી, મૌનપણે પોષધાદિક કરણીવડે ઉક્ત મહાપર્વનું આરાધન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૭ ) જિનમંદિરાદિમાં દેવદર્શનાદિકનો યથાવિધિ લાભ લેતાં પાળવા યોગ્ય દશ ત્રિકઃ—૧ નિસિહીત્રિક–જિનમંદિરાદિકના દ્વારે પેસતાં ઘરનો વ્યાપાર તજવારૂપ પ્રથમ. પ્રભુપૂજા–સેવા સિવાય જિનમંદિર સંબંધી અન્ય વ્યાપાર તજવારૂપ બીજી અને દ્રવ્યપૂજા તજવારૂપ ત્રીજી નિસિહી કહી છે. ૨ પ્રદક્ષિણાત્રિક–દર્શન, જ્ઞાન, ચારિત્રના આરાધનાર્થે પ્રભુની જમણી બાજુથી દેરાસર ફરતી ત્રણ પ્રદક્ષિણા કરવી. તે પ્રસંગે કંઇ પણ અશુચિ આશાતના જણાય તો તે ટાળવી. ૩ નમસ્કારત્રિક–દૂરથી પ્રભુ–દર્શન થતાં જ બે હાથ જોડી લલાટે લગાડવારૂપ **અંજલિબદ્ધ** નમસ્કાર. કેડ–કમરથી વાંકા વળી પ્રભુજીને નમવારૂપ **અર્ધાવનત** નમસ્કાર અને બંને ઢીંચણ, બંને હાથ તથા મસ્તક એ પાંચે અંગ જમીન ઉપર લગાડી ત્રણ વાર ખમાસમણ જયણાથી દેવારૂપ પંચાંગ પ્રણામ. ૪ પૂજાત્રિક–**અંગ** પૂજા, **અગ્ર** પૂજા અને **ભાવ** પૂજા એમ ત્રણ પ્રકારે પ્રભુપૂજા કરવી. ૫ અવસ્થાત્રિક–પ્રભુની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ અવસ્થા યથાસ્થાને ભાવવી. ૬ દિશાવર્જન ત્રિક–ઊંચે, નીચે અને તિર્છું અથવા ડાબું, જમણું ને પાછળ નહીં જોતાં ફક્ત પ્રભુની સન્મુખ દૃષ્ટિ રાખીને દર્શન–પૂજન–ચૈત્યવંદનાદિક કરણી કરવી. ૭ ભૂમિપ્રમાર્જન ત્રિક–ચૈત્યવંદનાદિક કરવા પહેલાં નીચે પગ મૂકવાની ભૂમિ ત્રણ વાર પુંજી લેવી. ૮ વર્ણાદિત્રિક અથવા આલંબનત્રિક–૧ સ્તુતિ–ચૈત્યવંદનાદિક કરતાં સૂત્ર–અક્ષરો દીર્ઘ–લઘુ, ભારે–હલકા જેવા હોય તેવા બોલવારૂપ અક્ષર આલંબન, ૨ સૂત્રાદિક ઉચ્ચારતાં તેનો અર્થ વિચારવારૂપ અર્થ–અવલંબન તથા ૩ પ્રભુની પ્રતિમાનું આલંબન. ૯ મુદ્રાત્રિકઃ–૧ ચૈત્યવંદનાદિક કરતાં બે હાથ જોડી, માંહો–માંહે બંને હાથની આંગળીઓ આંતરી રાખી બંને હાથની કોણીઓ પેટ ઉપર સ્થાપી રાખવારૂપ **યોગમુદ્રા,** ૨ જાવંતિ ચેઇયાઇં, જાવંત કેવિ સાહૂ અને જય વીયરાયની બે ગાથા કહેતાં બંને હાથની અંગુળીઓને કમળના ડોડાને આકારે રાખી, લલાટે લગાડી, સ્તુતિ વિગેરે કહેવા રૂપ **મુક્તાશુક્તિ** મુદ્રા. તથા ૩ કાઉસ્સગ્ગ કરતાં બંને પગના અંગુઠા વચ્ચે ચાર આંગળનું અંતર રાખવું તથા પગની પાની વચ્ચે ચાર અંગુલથી કંઇક ન્યૂન અંતર રાખવા રૂપ **જિન**મુદ્રા જાણવી. ૧૦ પ્રણિધાનત્રિક–મન–વચન–કાયા એ ત્રણેની એકાગ્ર ચિત્તે શુદ્ધિ રાખવા રૂપ પ્રણિધાનત્રિક જાણવું.

( ૮ ) પોતાને ઉપયોગમાં લેવાની સચિત્ત પુષ્પમાળાદિકનો ત્યાગ, વસ્ત્રાદિક અચિત્ત વસ્તુઓનો અપરિહાર, મનની એકાગ્રતા, અખંડ વસ્ત્રનું ઉત્તરાસંગ કરવું અને પ્રભુના દર્શન થતાં જ અંજલિબદ્ધ નમસ્કાર સાવધાનપણે કરવો એ પાંચ અભિગમો જાણવા.

( ૯ ) પ્રભુના જન્મ સમયે, મેરુપર્વત ઉપર ઇન્દ્રાદિક દેવ–દેવીઓ મળી, સુવર્ણાદિક આઠ આઠ જાતિના ૬૪ હજાર વિશાળ જળકળશાવડે ૨૫૦ અભિષેક કરે છે. તેનો કુલ સરવાળો એક ક્રોડ અને સાઠ લાખનો થાય છે.

( ૧૦ ) શ્રેણિક, શ્રી મહાવીરના કાકા સુપાર્શ્વ, ઉદાયન રાજર્ષિ, શ્રી પોટિલ અણગાર, શ્રી દૃઢાયુ, શ્રાવસ્તી નગરીના નિવાસી શંખ શ્રાવક, શતક–પુષ્કલી શ્રાવક, સુલસા અને રેવતી એ નવ જનોએ શ્રી મહાવીરપ્રભુના શાસનમાં તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૧ ) આહારના ત્રણ પ્રકાર:—ઓજ આહાર ગર્ભમાં આવે ત્યારે. રોમાહાર લોમ આહાર અને જન્મ થયા બાદ લેવાતો કવળ આહાર તે તો સર્વને સુવિદિત જ છે.

( ૧૨ ) અષ્ટ મહાસિદ્ધિ—અણિમા ( જેથી શરીર અતિ સૂક્ષ્મ કરી શકાય ), મહિમા ( એથી શરીર અતિ મોટું કરી શકાય ), લઘિમા ( એથી શરીર પવનથી પણ હલકું કરી શકાય ), ગરિમા ( એથી શરીર વજ્રથી પણ ભારે કરી શકાય ), પ્રાપ્તિ ( એથી શરીર મેરુ કરતાં ઊંચું કરી શકાય ), પ્રાકામ્ય ( એ લબ્ધિથી પાણીની માફક જમીનમાં ડુબકી મારી શકાય અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકાય ). ઇશિત્વ ( એથી તીર્થંકરાદિકની ઋદ્ધિ પ્રગટ કરી શકાય ) ને વશિત્વ ( એથી સિંહાદિક ક્રૂર જાનવરો પણ વશ થઇ જાય ).

( ૧૩ ) નિષ્કામપણે લોકોપકાર કરવો એ મહાપુરુષોનો કર્તવ્ય-ધર્મ છે. તેને યથાશક્તિ અનુસરવું.

( ૧૪ ) શ્રી આનંદઘનજી શ્વેતાંબર સંપ્રદાયના હતા. શ્રી નમિનાથજીના સ્તવનમાં પોતે પંચાંગીને પ્રમાણ માની છે.

( ૧૫ ) જીવને મોટાં બે બંધન છે: એક **સ્વચ્છંદ** અને બીજું **પરપ્રતિબંધ.** જ્ઞાનીની આજ્ઞાને આરાધતાં સ્વચ્છંદ બંધન ટળે છે અને સર્વ સંગ-આસક્તિ તજવાથી દુ:ખદાયક પરપ્રતિબંધરૂપ બંધન છૂટે છે. ( **સ. ક. વિ.** )

# શુદ્ધ ક્રિયામાં આદર વિગેરે અનેક બાબતો

' જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિક કેવા અનુક્રમપૂર્વક કરવાં ? તે સંબંધી કદાચ પ્રશ્ન કરે અને તેનો પાર ન આવે, પરંતુ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે-જ્ઞાનીએ બતાવ્યા પ્રમાણે ગમે તે હિત-ક્રિયામાં પ્રવર્તે તો તેથી તે મોક્ષ-માર્ગમાં છે. શુદ્ધ ક્રિયામાં પ્રવૃત્તિ આખ્યાતરૂપ જાણવી.'

' જ્ઞાનીની આજ્ઞાએ ચાલવું. જ્ઞાની ગુરુએ વિવિધ ક્રિયામાંથી યોગ્યતાનુસાર કોઇને કંઇ બતાવ્યું હોય તો તે પ્રમાણે કરતાં તેનું કલ્યાણ છે.'

' યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના અથવા પોતે જે બોલે છે તે પરમાર્થે યથાર્થ છે કે કેમ તે જાણ્યા વિના-સમજ્યા વિના જે વક્તા બની બેસે છે તે અનંત સંસારને વધારે છે માટે જ્યાંસુધી સમજવાની શક્તિ પ્રાપ્ત થાય નહીં ત્યાંસુધી મૌન રહેવું સારું છે.'

' સદ્વક્તા થઇ, એક પણ જીવને યથાર્થ માર્ગ પમાડવાથી તીર્થંકર ગોત્ર પણ બંધાય છે અને તેથી ઊલટું કરવાથી ( ઉન્માર્ગનો બોધ આપવાથી ) મહામોહનીય કર્મ બંધાય છે.

' ભાજન-પાત્રના પ્રમાણમાં જ વસ્તુ મૂકાય છે. નહીં તો જેમ હલકા વાસણમાં ભારે વસ્તુ મૂકવાથી વાસણનો ( અને વસ્તુનો ) નાશ થાય છે તેમ થવા પામે છે.'

' કાર્યસિદ્ધિ પુરુષોને આધીન છે. જો તમે પુરુષાર્થ કરશો તો મોક્ષપ્રાપ્તિ દૂર નથી જેમણે મોક્ષ પ્રાપ્ત કરેલ છે તે બધા મહાત્મા પ્રથમ આપણા જેવા મનુષ્ય હતા અને કેવળજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષ પછી પણ ( સિદ્ધિ થયા પહેલાં ) દેહ તો તેનો તેજ રહે છે. તો પછી તે દેહમાંથી તે મહાત્માઓએ શું કાઢી નાખ્યું-વિસર્જન કર્યું તે સમજીને કાઢી નાખવાની-વિસર્જન કરવાની જરૂર છે. તેમાં વાદવિવાદ કે મતભેદ શાનો ? માત્ર શાન્તપણે તેમ કરવા યોગ્ય છે.'

'પ્રથમથી શસ્ત્ર બાંધતાં ને વાપરતાં શિખ્યા હોઇએ તો લડાઇ વખતે તે કામ આવે છે. તેમ પ્રથમથી વૈરાગ્ય દશા પ્રાપ્ત કરી હોય તો અવસર આવ્યે કામ આવે છે, આરાધના થઇ શકે છે.'

'પરિણામ ત્રણ પ્રકારના છે. હીયમાન ( હીન થઇ જતા ), વર્ધમાન ( વૃદ્ધિ પામતા ) અને સમવસ્થિત. પ્રથમના બે છદ્મસ્થોને હોય છે અને છેલ્લું અચળ-અકંપ શૈલેશીકરણ માત્ર કેવળજ્ઞાનીને જ હોય છે.'

'તેરમે ગુણસ્થાનકે પણ લેશ્યા તથા યોગનું ચલાચલપણું છે તેથી સમવસ્થિત પરિણામ કેમ ઘટે ? તેનો આશયઃ-સક્રિય છતાં અબંધ અનુષ્ઠાન હોતું નથી તે છે. તેરમા ગુણસ્થાનકે કેવળીને પણ યોગને લીધે સક્રિયતા છે. અને તેથી બંધ છે, પણ તે બંધ અબંધબંધ ગણાય છે. ૧૪ મા ગુણસ્થાનકે આત્માના પ્રદેશ અચળ-અકંપ થાય છે તેથી ત્યાં અક્રિયતા ગણાય છે.'

'યોગનું ચલાયમાન થવું તે બંધ, યોગનું સ્થિર થવું તે અબંધ. જ્યારે અબંધ થાય-થવાય ત્યારે મુક્ત થયા કહેવાય.'

'ઉત્સર્ગઉત્સર્ગ માર્ગ એટલે યથાખ્યાત ચારિત્ર, જે સર્વથા અતિચાર-દોષ વગરનું છે.'

'ઉત્સર્ગમાં ત્રણ ગુપ્તિ સમાય છે. અપવાદમાં પાંચ સમિતિ સમાય છે.'

'મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય ને યોગ. તે એક પછી એક અનુક્રમે બંધ પડે છે.'

'મિથ્યાત્વ એટલે યથાર્થ ન સમજાય-પ્રતીત-ચોક્કસ ખાત્રીરૂપ ન થાય તે. મિથ્યાત્વ હોય ત્યાંસુધી વિરતિપણું પ્રગટ ન થાય.'

કષાયથી યોગનું ચલાયમાનપણું થાય તે **આશ્રવ** અને તેથી ઉલટું તે **સંવર. પ્રશમરતિકાર શ્રી ઉમાસ્વાતિ વાચકે** આવી તત્ત્વની વાતો બહુ સાદી ને સરળ ભાષામાં સંક્ષેપથી શાસ્ત્ર મહાસાગરમાંથી ઉદ્ધરિત કરી છે તે સહુ તત્ત્વજિજ્ઞાસુ ભાઇ બ્હેનોએ પ્રેમથી અવગાહવા યોગ્ય છે. **( સ. ક. વિ. )**

## શ્રી ચિદાનંદજીકૃત પદ

જાગ રે બટાઉ! અબ ભઇ ભોર વેરા. જાગ રે૦
ભયા રવિકા પ્રકાશ, કુમુદ હુ ભયે વિકાસ,
ભયા નાશ પ્યારે મિથ્યા રૈનકા અંધેરા રે. જાગ રે૦ ૧
સૂતા કેમ આવે ઘાટ, ચાલવી જરૂર વાટ,
કોઇ નહીં મિત્ત પરદેશમેં જ્યું તેરા રે. જાગ રે૦ ૨
અવસર બિત જાય, પીછે પછતાવો થાય,
**ચિદાનંદ** નિહચે એ માન કહા મેરા રે. જાગ રે૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોળ સદ્‌ભાવનાઓ

૧. આયુષ્ય, સંપદાઓ, વિષયો અને સંબંધીઓ આદિ સર્વ અનિત્ય હોવાથી એક પણ વસ્તુમાં સ્થાયીપણું માનવું એ યોગ્ય નથી.

૨. આ સંસારમાં સંસારની એક પણ વસ્તુ આફતના સમયે શરણરૂપ નથી.

૩. આ સંસાર સ્વભાવે જ દુઃખમય છે એટલે એના સ્વરૂપવિચારમાં સુખ કે સારું કંઇ જ દૃષ્ટિમાં આવી શકે તેમ નથી, તે એકાંતે હેય જ છે.

૪. આ સંસારમાં જ્ઞાનાદિ ગુણોથી ભરેલો આત્મા એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે એટલે પોતાના આત્મા સિવાય બીજું કશું જ એનું પોતાનું નથી તેથી અન્ય વસ્તુ પર મમતા કરવી એ એકાંતે અહિતકર જ છે.

૫. સંસારની સઘળી વસ્તુઓ આત્માથી જુદી છે માટે એની ખાતર પોતાનું સ્વરૂપ દબાઇ રહે એવી પ્રવૃત્તિ કરવી એ કોઇ પણ રીતિએ હિતકર નથી.

૬. આ શરીર એવું અશુચિમય છે કે એને પવિત્ર કરવાના સઘળા પ્રયત્નો તદ્દન નકામા અને અહિત કરનારા છે, માટે એના દ્વારા જે હિત સાધી શકાય તેમ હોય તે જ સાધી લેવાનો પ્રયત્ન કરવો એ જ શ્રેયસ્કર છે.

૭. ઇંદ્રિયાદિની આધીનતા એ જ આત્માને કર્મના ભારથી ભરી દેનારી છે માટે એની આધીનતાથી બચવું એ જ વિવેકીપણું છે.

૮. સમિતિ, ગુપ્તિ આદિનું પાલન આવતા કર્મોને રોકનારું હોવાથી એના પાલનમાં રક્ત રહેવું એ જ આત્માને કર્મના બંધનથી બચાવી લેવાનો ઉપાય છે.

૯. અનશન ( ઉપવાસ ) આદિ બાહ્ય અને પ્રાયશ્ચિત્ત આદિ અભ્યંતર એ ઉભય પ્રકારનો તપ, આત્માએ પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કરનાર હોવાથી મોક્ષસુખના રસિકે એ બારે પ્રકારના તપની આરાધનામાં ઉજમાળ થવું.

૧૦. ધર્મ એટલે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર–આ રત્નત્રય રૂપ જે મોક્ષમાર્ગ તેનું અને સકળ વસ્તુના સ્વરૂપનું યથાસ્થિત–પ્રતિપાદન કરનાર આ વિશ્વમાં અરિહંત પરમાત્મા સિવાય અન્ય કોઇ નથી.

૧૧. ચૌદે રાજલોકરૂપ આકાશ તેની સઘળી પંક્તિઓમાં આત્માએ જન્મ, જરા, સ્થિતિ અને મરણ અનુભવેલ છે માટે એમાંના કોઇ પણ સ્થાન ઉપર મુગ્ધ નહિ બનતા આત્માની મુક્તિ માટે મથવું એ જ હિતાવહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨. અનાદિ કાળથી એકેન્દ્રિય આદિમાં ભટકતા આત્માને તે તે સ્થળોમાં ઘણો કાળ ગાળવો પડતો હોવાથી આત્માને સમ્યક્‌ત્વ આદિ ધર્મસામગ્રીની પ્રાપ્તિ જ દુર્લભ છે; માટે તે સમ્યક્‌ત્વ મેળવવાની ખાતર અને પ્રાપ્તિ થઇ હોય તો રક્ષા અને વૃદ્ધિ ખાતર પ્રયત્નશીલ રહેવું એ જ ઇષ્ટ છે.

૧૩. આ વિશ્વમાં મારો કોઇ શત્રુ નથી, એમ માની પ્રાણીમાત્રના હિતની ચિંતા પોતાના આત્માની માફક કરવી એ જ આત્માની શાંતિનો ઉપાય છે.

૧૪. આ વિશ્વમાં સુંદર પરિણામને આણનારા સદ્‌ગુણોની પ્રાપ્તિ દુર્લભ છે એમ માની એવા ગુણો પરમાં પણ જોઇને પ્રમુદિત થવું એ ગુણપ્રાપ્તિનો અસાધારણ ઉપાય છે.

૧૫. આ સંસારમાં પ્રાણીઓ રોગ આદિથી દુઃખી અવસ્થામાં રીબાઇ રહ્યા છે, તેઓના દુઃખના નાશની ઇચ્છા એ કરુણા છે અને એ કરુણા જેના હૈયામાં હોય તે જ આત્મા પોતાનું હિત સાધી શકે છે; માટે એ દશા કેળવવી એ જ આત્મા માટે હિતકર છે. કરુણા બે પ્રકારની છે : દ્રવ્યકરુણા અને ભાવકરુણા. સમકિત આદિ ધર્મ પમાડવો તે ભાવકરુણા. પેલી કરતાં બીજી શ્રેષ્ઠ છે.

૧૬. પ્રયત્નથી પણ ન સુધરી શકે તેવા પાપાત્માઓ ઉપર દ્વેષી નહિ બનતાં તેઓની ઉપેક્ષા કરવી એમાં જ આત્માનો ઉદ્ધાર છે.

મુમુક્ષુ મુનિ

## પર્વતિથિ સંબંધી વિચારણા

દરેક વર્ષમાં આવતા જૈન પર્વોના પ્રારંભમાં જ્ઞાનપંચમી કાર્તિક શુદિ પાંચમે આવે છે. પર્વ તો જ્ઞાનના આરાધન માટે હોવાથી મહાવિદેહ ક્ષેત્રમાં પણ હોવાનો સંભવ છે.

માગશર શુદિ ૧૧ નો મૌન એકાદશીનું પર્વ આવે છે. તે તો ભરત–ઐરવત ક્ષેત્રના ત્રણે ચોવીશીના તીર્થંકરોનું જ હોવાથી તે ભરત ઐરવતમાં જ હોવા સંભવ છે. તે તિથિએ એક ચોવીશીના પાંચ કલ્યાણક છે, તે પ્રમાણે દશ ક્ષેત્રની ત્રણ કાળની ત્રીશ ચોવીશીના દોઢસો કલ્યાણક થાય છે. સામાન્ય રીતે બાર માસની ૨૪ એકાદશી પૈકી ૬ એકાદશીએ એકંદર ૧ કલ્યાણક હોવાથી ૩૦ ચોવીશીના ૩૦૦ કલ્યાણકો થાય છે. આ વાત તેના સ્તવનોમાં પણ લાવેલ છે.

બાર માસની ૨૪ અષ્ટમી પૈકી ૧૧ અષ્ટમીએ ૧૨ કલ્યાણક હોવાથી ૩૦ ચોવીશીના ૩૬૦ કલ્યાણકો થાય છે પરંતુ મૌન એકાદશીની મહત્તાના તે એક તિથિએ પાંચ કલ્યાણક થયા છે; એવી શ્રેષ્ઠ તિથિ આખા વર્ષમાં બીજી એકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લેખન અને વક્તૃત્વ સફળ કેમ થાય ?

આ સૈકામાં લેખનકળા અને વક્તૃત્વશક્તિ સારા પ્રમાણમાં ખીલેલ છે, પરંતુ તેથી કેટલાક અનિષ્ટો પણ જન્મ્યા છે. પરિણામે લેખન અને વક્તૃત્વની જે સુંદર અને ચિરસ્થાયી અસર, જનસમૂહ પર થવી જોઇએ તેવી અસર થતી હોય તેમ દેખાતું નથી. અત્ર તેમ બનવાના કેટલાક કારણો નમ્રભાવે રજૂ કર્યા છે. આશા છે કે સુજ્ઞ લેખકબન્ધુઓ અને વક્તામહાશયો તે પ્રત્યે લક્ષ આપી સાર ગ્રહણ કરશે.

* * *

આજના યંત્રયુગનું સામ્રાજ્ય જ્યારે ભારતવર્ષ પર નહોતું સ્થપાયું ત્યારે પુસ્તકની એકાદ પ્રત પણ મેળવવી દુષ્કર હતી. લહીઆઓ પાસે બહુ ખર્ચે અને ઘણા સમયવ્યયે લખાવીને તેવી પ્રતો મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવો એ કાળ હતો, પરંતુ પરિવર્તનશીલ જગતમાં બધા દિવસો એક સરખા જતા નથી અને તેથી અંધકાર યુગમાંથી જાણે પ્રકાશ યુગ પ્રગટ્યો ન હોય ? તેમ વર્તમાન શોધના દરેક સાધનોનો પ્રચાર વધતો જ ગયો તે માંહેની મુદ્રણકળા પણ ઠેરઠેર ફેલાઇ ગઇ જેના પરિણામે આજે સેંકડો નહીં, હજારો નહીં, બલ્કે લાખોના હિસાબે ગ્રંથો બહાર પડી ચૂક્યા છે અને પડી રહ્યા છે. વળી દિન ઊગ્યે જગતભરના સમાચારો આપણી નજર સામે ઠાલવતા વર્તમાનપત્રો બહાર પડે છે અને સ્થળે સ્થળે તેનો પુષ્કળ પ્રચાર થાય છે. તેના પ્રતાપે કાલના સમાચાર આજે જૂના ગણાય છે. અરે! સવારના વર્તમાન સાંજે જૂના થઇ જાય છે. આ બધો પ્રતાપ મુદ્રણાલયને આભારી છે.

આને અંગે સારા સારા લેખકો વધવા લાગ્યા છે; તેમજ ધાર્મિક પ્રતો, પુસ્તકો ઇત્યાદિનું સંશોધન થવા લાગ્યું છે. માસિકો, પાક્ષિકો, અઠવાડિકો વિગેરે જાત જાતના પત્રો પણ જુદા જુદા લેખકોના અભિનવ મંતવ્યોને રજૂ કરતા બહાર પડી રહ્યા છે. આ થઇ મુદ્રણકળાને અંગે થયેલ પુસ્તકો અને વર્તમાનપત્રોના પ્રચારની વાત. હવે મૂળ મુદ્દા પર આવીએ કે ઘણા વિદ્વાન લેખકો વધવા છતાં તેની જોઇએ તેવી અસર શા માટે દેખાતી નથી ?

(૧) જે કાંઇ લખાય તેને અનુકૂળ પોતાનું વર્તન હોવું જોઇએ. સચ્ચારિત્રની પરોક્ષ અસર બહુ મોટી અને ન ભૂંસી શકાય તેવી થાય છે; તેથી દરેક લેખકે આંતરવિચારણા કરવી જોઇએ કે હું જે કાંઇ લખું છું તેથી મારું આચરણ વિપરીત તો નથી ને ? દંભ કેટલીક વાર ચાલી શકે છે, પરંતુ બધો વખત બધા માણસોને છેતરી શકતા નથી અને તેવી પોલ જ્યારે બહાર પડે છે ત્યારે લોકોમાં ખૂબ હાંસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. વળી વિપરીત આચરણશાળી લેખકનું લખાણ કદાચ વિદ્વત્તાપૂર્ણ હોય તો તેની વિદ્વત્તા જરૂર વખણાશે. કદાચ આદરપાત્ર પણ ગણાશે, પરંતુ વિપથગામી જીવનની સૂક્ષ્મ અસર એટલી તો ફેલાયેલી હોય છે કે જેથી માનસશાસ્ત્રના અફર નિયમ મુજબ વિદ્વત્તાપૂર્ણ વાસ્તવિક અસરથી જનતા વંચિત રહેશે; તેથી પ્રથમ પોતાના જીવનમાં જે વસ્તુ ઉતારી હોય અથવા જે તરફ પ્રયાણ હોય-જે તરફ પ્રયાસ હોય તે જ બાબત લખવી કે બોલવી સુજ્ઞ જનને ઉચિત છે કે જેથી ધારી અસર થાય અને લેખકનો પ્રયાસ સફળ થાય.

આ લેખકે કેટલાયને બોલતા સાંભળ્યા છે કે-અમુક વિદ્વાન લેખકના લેખો બહુ સુંદર આવે છે, પરંતુ તે જ વ્યક્તિ પોતાના વ્યવસાય વખતે એ સિદ્ધાંતોને અભરાઇ પર મૂકી કાર્ય કરે છે. આ સ્થિતિ પ્રવર્તતી હોય તેમાં શું શુક્કવાર વળે ? આ ઉપરથી આચારવિચારની ઐક્યતા કેટલી જરૂરી છે તે સમજાય છે.

(૨) રહેણી-કહેણીની એકતા પછી બીજો નંબર આવે છે મિષ્ટ-મધુર મનોરંજક ભાષાપ્રયોગનો. એ વિષે તો આપણામાં ખૂબ જ અરાજકતા ચાલે છે એમ દુઃખપૂર્વક કહેવું પડશે. જેને જેમ મનમાં આવે તેમ ઘસડી મારે-ધોળા ઉપર કાળું કરે એ સ્થિતિ જોવાય છે. આથી લેખનનો શુદ્ધ આદર્શ નીચો પડે છે. કેટલાક લેખકબન્ધુઓ ભાષાનો વિવેક મુદ્દલ રાખતા નથી, શબ્દભંડોળ અલ્પ હોય અને શૈલી પણ રોચક ન હોય તેથી તેમાં મીઠાશનો અભાવ હોય અને વાસ્તવિક લક્ષદર્શી દલીલોનું દેવાળું હોય તેમાં શી નવાઈ ? આવા લેખથી વાચક પર સારી અસર તે કઇ રીતે થાય ?

મિષ્ટ ભાષામાં વાંચકના મન પર ધારેલ અસર કરવાની અજબ શક્તિ રહેલી છે. સાચી મીઠાશ એ મહાન આકર્ષણ છે. પ્રત્યેક લેખક જો આ સિદ્ધાંતની કસોટીએ કસી લેખો લખે તો કેટલાય નિરર્થક ઝગડાઓ શમી જાય અને શાન્તિ સ્થપાય.

સારી ભાષા વાપરવામાં ક્યાં પૈસા બેસે છે ? એ તો કેવળ લાભનો જ ધંધો છે, એમાં ખોટનો અવકાશ જ નથી. ભાષા ઉપરથી તો માણસના સમગ્ર જીવનનો ખ્યાલ આવી શકે છે. સજ્જન મનુષ્યની વાણીને અમી ઝરતી કહી છે તે કંઇ મિથ્યા કલ્પના નથી, પરંતુ યથાર્થ છે. અર્થાત્ ગમે તે સમયે, ગમે તેની સાથે, ગમે તે પ્રસંગ વિષે વાત નીકળતાં સજ્જનની ભાષા અમૃત સદૃશ મધુરં અને હિતકારક જ નીકળતી હોય છે. સારાંશ કે લેખક તેમજ વક્તા મહાનુભાવોએ આ બાબતમાં લક્ષ આપી પોતાનામાં તે ગુણ વિકસાવવાનો પ્રયાસ કરવો જોઇએ.

(૩) કોઇ પણ બાબત વિષે લખતાં, કોઇના ઉપર વ્યક્તિગત આક્ષેપમાં ન ઉતરવું જોઇએ. સૈદ્ધાંતિક મતભેદ તો સર્વકાળે રહ્યા જ કરે છે અને મુદ્દાસરની સૈદ્ધાંતિક ચર્ચાને—તાત્ત્વિક ચર્ચાને પૂર્ણ અવકાશ છે. પરંતુ તે ઉપરથી વ્યક્તિગત આક્ષેપો અને તે પણ ગાલીપ્રદાનનું રૂપ ધારણ કરતા આક્ષેપો જ્યારે થાય ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુજ્ઞ સમાજ લેખકના મનની મિથ્યાત્વ-હલકાઈને ઓળખી લે છે. સમજવું જોઈએ કે-જ્યાં સત્ય દલીલનો અભાવ હોય છે ત્યાં જ અંગત આક્ષેપ અને સાથે ગાળીપ્રદાન તેનું સ્થાન પચાવી પાડે છે. આ રીતથી સારી અસર થવાને બદલે ઉશ્કેરણી ફેલાય છે અને લેખનકળાનો સદુપયોગને બદલે દુરુપયોગ થાય છે. લેખનકળા વિકૃત બને છે; તેથી પ્રગતિવાંચ્છુ લેખકે આ બાબતમાં ખાસ લક્ષ આપી-શપથ ખાઈ—અંગત કડવાશને અસ્પૃશ્ય ગણી તેનાથી દૂર-સુદૂર રહેવું જોઈએ.

(૪) આજે તખલ્લુસ—સંજ્ઞાથી લખનારા ઘણા જોવાય છે. કાયરતાનો આ એક પ્રકાર જ છે. ગુપ્ત નામે, કોઈની પીઠ પાછળ કલમના ઘા કરનાર લેખકની પામર અને મલિન મનોદશા પ્રગટ થાય છે. સુજ્ઞ વાંચનાર પ્રાયઃ તેવા લખાણ ઉપર લક્ષ આપતા જ નથી, પછી તેનો પ્રત્યુત્તર તો આપવાનો હોય જ શાનો? ખરી વાત એ છે કે-જે કાંઈ લખવું હોય તે પોતાની પૂર્ણ જવાબદારી સાથે નિડરતાપૂર્વક ખુલ્લા નામે લખવું જોઈએ. જો તેમ બની શકે તો જ લેખનની કંઈક અસર સંભવે છે. બાકી ખોટી સંજ્ઞાઓ, ટૂંકા અંગ્રેજી નામો વિગેરેથી લખાતા લેખો કચરાની ટોપલીમાં જલ્દી સ્થાન મેળવવાને ભાગ્યશાળી બને છે.

(૫) થોડી મૂડીમાં ઝાઝો વેપાર ખેડનારાનો આજે તોટો નથી. થોડા ભંડોળમાં **सब वंदरके व्यापारी** બનનારા આજે ખૂબ જ જણાય છે. લેખનસાહિત્યમાં આ દશાથી જે વૈવિધ્ય આવવું જોઈએ તે આવતું નથી. અલ્પ ભંડોળવાળા લેખકોએ પોતાનું જ્ઞાન વધારવા પ્રયત્ન કરવો જોઈએ. ખૂબ વાંચન અને પુષ્કળ મનન-ચિંતન કરવું જોઈએ. એ બધી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી વિચારોનો જે પરિપક્વ ફાલ ઉતરશે તે ફાલથી લોકો સ્વયં તમારા તરફ આકર્ષાશે અને તમારા લેખોની, તંત્રીઓ સ્વયં માગણી કરશે. આનો અર્થ ઊગતા લેખકોએ કંઈ લખવું જ નહીં એમ નહી, બલ્કે "ભણતાં પંડિત નીપજે, લખતાં લહીઆ થાય" એ કહેવત યથાર્થ છે. પરંતુ પાછળથી ઉત્તમ પંક્તિમાં આવેલા લેખકોને, પ્રથમના પોતાના લેખો વાંચતા હસવું આવવાના બનાવો બને છે. એટલે કહેવાની મતલબ કે બિલકુલ ન લખવું એમ નહીં પરંતુ સહજ દિશા ફેરવવાની આ સૂચના છે. અર્થાત ખૂબ વાંચન-મનન વધારવાથી તર્કશક્તિ-વિચારશક્તિ ખીલે છે અને એ વિકાસ-તર્કશક્તિની સરાણે ચડીને બહાર પડેલ લેખ ખૂબ શક્તિવર્ધક હોય છે. દિનપ્રતિદિન વિકાસની દિશા ઊઘડતી જ જાય છે તેથી એ તરફ લક્ષ આપવું આવશ્યક છે.

(૬) અન્યની કૃતિ પછી તે કાવ્ય હો કે લેખ હો, પરંતુ બીજાની કૃતિને પોતાના નામે ચડાવવાનો સ્વપ્ને પણ ખ્યાલ ન લાવવો જોઈએ. અત્યારે કેટલાક દાખલાઓમાં તેવું બની રહ્યું છે. તેથી આ વિષે લાલબત્તી ધરવી આવશ્યક [illegible] આ એક નૈતિક પ્રકારનો ગુન્હો જ છે. કદાચ કોઈ કેટલીક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગી ભાગ લેવાના જરૂર પડે તો, લેખકની રજા માગવી, લેખકનો તેમજ જ્યાંથી ઉદ્ધરેલ હોય તે સ્થળનો નામનિર્દેશ કરી દેવો, તેમજ તેનો આભાર માનવાની સૌજન્યતા પણ બતાવવી યોગ્ય છે. તેમ ન કરતાં ઉપર દર્શાવેલી તસ્કરબાજી જ્યારે ખુલ્લી પડી જાય છે, લોકોના ખ્યાલમાં તે વાત આવે છે, ત્યારે તે લેખક માટે જનતામાં બહુ હલકો અભિપ્રાય બંધાય છે, માટે એ રસ્તે ન જતાં મૌલિક લેખનકાર્ય કરવું યુક્ત છે. અને ક્યાંકથી લેવા જરૂર પડે તો જણાવી દેવામાં શોભા રહેલી છે.

જેવું લેખન વિષે છે તેવું જ વકતૃત્વ વિષે છે. આ બધા મુદ્દાઓ વકતૃત્વને પણ લાગુ પડી શકે છે. તેથી વક્તાએ અથવા વક્તા બનવા ઇચ્છનારે ઉપર જણાવેલ મુદ્દાઓ લક્ષમાં લેવા ઉપરાંત વિષયાંતર ( એક વિષયમાંથી બીજા સંબંધ ન ધરાવતા વિષયમાં ઉતરી પડવું અને મૂળ વિષયને ભૂલી જવો તે ) ન થવા દેવું. તદુપરાંત ભાવને અનુરૂપ ઉગ્ર-નરમ ભાષાપ્રયોગ કરવો અને ભાષા તેમજ ભાવને અનુસરીને અભિનય-તથાપ્રકારની હાથ-મુખ આદિની ચેષ્ટા કરવી.

કેટલાક વક્તાઓના ભાષણ વખતે શ્રોતાઓ ઝોલા ખાતા હોય છે ત્યારે તેનાથી પ્રતિપક્ષી કેટલાક વક્તાઓના વ્યાખ્યાન વખતે શ્રોતાઓ તન્મયતાપૂર્વક વક્તાના મુખ સામું જોઇને સાંભળતા હોય છે. આનું કારણ શું ? સભાને યોગ્ય રસ ઉપજાવવાની વક્તાની શક્તિ ઉપર આ બાબત નિર્ભર-અવલંબે છે. તેથી પ્રસંગને અનુરૂપ સર્વ રસોનો ઉપયોગ જરૂરી દાખલા-દૃષ્ટાંતોથી કરવો જોઇએ. તેમ કરીને સભાજનોને રસમાં તરબોળ કરી શકાય છે. પૂર્વના મહાન વ્યાખ્યાતાઓના જીવન ઉપરથી જાણી શકાય છે કે તેઓ જે વિષયને છણતા તેની સાદ્યંત-સાંગોપાંગ એવી રીતે જમાવટ કરતા કે જેથી જે વખતે શૃંગારરસ ચાલતો હોય તે વખતે શ્રોતાઓ કેવળ શૃંગારરસમાં સાનભાન ભૂલી નિમગ્ન બની જાય છે અને તે જ વખતે વક્તા ચાલુ વિષયમાં પલ્ટો લાવી વૈરાગ્યરસ-શાંતરસમાં ઉતરે ત્યારે પૂર્વોક્ત તે જ શ્રોતાઓ શૃંગારથી ઓસરી શાંતરસમાં ઝીલવા માંડે છે. આનું નામ તે ખરી વકતૃત્વશક્તિ ! આ આદર્શ દૃષ્ટિસન્મુખ રાખનાર વક્તા આગળ વધી શકે છે એ ચોક્કસ છે.

અત્ર લેખન અને વકતૃત્વ વિષેના થોડા આવશ્યક સૂચનો પૂર્ણ થાય છે. લેખકો, વક્તાઓ અને અન્ય વાંચક બન્ધુઓને પ્રસ્તુત લેખમાંથી કંઇ પણ સારભૂત જણાશે તો લખ્યું સાર્થક થયું માનીશ.

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની વિશાળતા

## જૈનધર્મમાં નીતિની પ્રાધાન્યતા

### સુખનું સાચું સ્વરૂપ

ચાલતા વર્ષના કાર્તિક વદિ ૧ શુક્રવાર તા. ૧૯મીના રોજ સાંજે ૬ કલાકે ભાવનગર થીઑસૉફિકલ સોસાયટીના મકાનમાં જૈનધર્મ સંબંધી ભાષણ આપવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. લગભગ પોણો કલાક વ્યાખ્યાન ચાલ્યું હતું. ખાસ વિષય તો જૈનધર્માનુસાર સુખની પ્રાપ્તિ અને દુઃખનો નિરાસ કેવી રીતે થાય ? તે બતાવવાનો હતો, પરંતુ પ્રારંભમાં જૈનધર્મની વિશાળ દૃષ્ટિ-દૃષ્ટિની વિશાળતા નીચે જણાવેલા બે શ્લોકથી બતાવવામાં આવી હતી.

જૈન સંપ્રદાયના મહાન્ આચાર્ય કહે છે કે—

न मे भ्राता महावीरः, न वैरः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥

" શ્રી મહાવીર મારા બંધુ નથી અને કપિલાદિ અન્ય દર્શનકારોને વિષે મારો શત્રુભાવ નથી; હું તો જેનું વચન યુક્તિવાળું–યુક્તિસંગત હોય તેને જ ગ્રહણ કરવું એમ કહું છું. "

વળી અન્ય આચાર્ય કહે છે કે—

भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपगता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥

" ભવ જે સંસાર તદ્રૂપ બીજને અંકુરા ઉત્પન્ન કરે તેવા રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વિગેરે જેના ક્ષય પામ્યા હોય તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર–શંકર હો અથવા જિન–તીર્થંકર હો–જે હો તેને મારો નમસ્કાર થાઓ. "

આટલા ઉપરથી પોતપોતાની માન્યતાવાળા દેવોના ચરિત્રો–શાસ્ત્રોમાં વર્ણવેલા હોય તે જોઇ, જો તેનામાં રાગાદિ દોષજન્ય વર્ત્તન વર્ણવેલું ન હોય અથવા તેમના ચારિત્રાનુસાર અત્યારે બનાવાતી તેમની મૂર્તિમાં રાગ, દ્વેષ, મોહાદિના ચિન્હ ન હોય તો તેને દેવ માનવામાં–સ્વીકારવામાં બિલકુલ વાંધો નથી.

જૈનધર્મમાં નીતિને પ્રાધાન્ય આપેલું છે. નીતિવાન્ મનુષ્ય જ ધર્મી થઇ શકે છે. નીતિ વિનાનો ધર્મ તથાવિધ ફળ આપનાર થતો નથી. જૈન શાસ્ત્રોએ ધર્મના આચરણના બે વિભાગ પાડ્યા છે : મુનિધર્મ અને શ્રાવકધર્મ. મુનિધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વથા ત્યાગરૂપ છે અને શ્રાવકધર્મ અંશથી ત્યાગરૂપ છે. શ્રાવકધર્મના બે વિભાગ પાડ્યા છે: સામાન્ય ધર્મ ને વિશેષ ધર્મ. સામાન્ય ધર્મ અંગીકાર કરનારને માર્ગાનુસારી કહેલ છે. તેના મુખ્ય ૩૫ ગુણો વાંચશો કે સાંભળશો તો જૈન ધર્મમાં નીતિને કેટલું મહત્ત્વ આપેલ છે તે સમજી શકાશે. તેના વિશેષ વર્ણન માટે તો **શ્રાદ્ધગુણવિવરણ** નામનો ગ્રંથ લખેલો છે. તેમાં ૩૫ ગુણ વર્ણવતા ૧૦ શ્લોકો છે તેની ટૂંકી વ્યાખ્યા નીચે પ્રમાણે છે—

૧ ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, ૨ શિષ્ટ જનોના આચારની પ્રશંસા કરનારો, ૩ યોગ્ય સ્થળે જ વિવાહ કરનારો, ૪ યોગ્ય સ્થળે જ નિવાસ કરનારો, ૫ સદાચરણીની સંગત કરનારો, ૬ માતાપિતાની ભક્તિ કરનારો, ૭ કોઈના પણ અવર્ણવાદ નહીં બોલનારો ( નિંદા નહી કરનારો )–રાજાદિકના તો વિશેષે અવર્ણવાદ નહીં બોલનારો, ૮ પાપભીરુ ( પાપના નામથી પણ ભય પામનારો ), ૯ પ્રસિદ્ધ એવા દેશાચારને આચરનારો ( પાળનારો ), ૧૦ ઉપદ્રવવાળા સ્થાનને તજનારો, ૧૧ ગર્હિત ( નિંદિત ) કાર્યમાં પ્રવૃત્તિ નહીં કરનારો, ૧૨ આવકના પ્રમાણમાં ખર્ચ કરનારો, ૧૩ દ્રવ્યના પ્રમાણમાં વેશ રાખનારો, ૧૪ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત, ૧૫ નિરંતર ધર્મને ( ધર્મની વાર્તાને ) સાંભળનારો, ૧૬ અજીર્ણ વખતે ભોજન તજી દેનારો, ૧૭ યોગ્ય કાળે શરીરને અનુકૂળ આહારનો કરનારો, ૧૮ જેમ ઘટે તેમ અતિથિ ( પ્રાહુણા ), સાધુ અને દીનજનોની સેવા કરનારો, ૧૯ એક બીજાને બાધ ન કરે તેવી રીતે ધર્મ, અર્થ ને કામ–એ ત્રણે વર્ગને સાધનારો, ૨૦ આગ્રહ વિનાનો ( ખોટો મમત્વ નહી કરનારો ), ૨૧ ગુણનો પક્ષપાતી, ૨૨ દેશકાળને અયોગ્ય એવી પરિચર્યાને તજી દેનારો, ૨૩ કોઇ પણ કાર્યના કે કાર્યકર્તાના બળાબળને જાણનારો, ૨૪ વ્રતધારી ને જ્ઞાનવૃદ્ધ ( વિશેષ જ્ઞાનવાળા ) ને પૂજનારો, ૨૫ પોતાને પોષણ કરવા યોગ્યનું પોષણ કરનારો, ૨૬ દીર્ઘદૃષ્ટિવાળો ( લાંબી નજર પહોંચાડનારો ), ૨૭ વિશેષજ્ઞ ( વિચક્ષણ ), ૨૮ કૃતજ્ઞ ( કોઈએ પોતાને કરેલા લાભને જાણનારો ), ૨૯ પરોપકાર કરવામાં તત્પર, ૩૦ લજ્જાવાળો, ૩૧ દયાવાળો, સૌમ્ય ( શાંત ) પ્રકૃતિવાળો, ૩૩ લોકપ્રિય, ૩૪ અંતરંગ ષટ્ વૈરીને જીતનારો અને ૩૫ ઇંદ્રિયોના સમૂહને વશ કરનારો.

આ ૩૫ ગુણો વાંચતાં–સાંભળતા સમજી શકાશે કે જૈન ધર્મમાં બતાવેલી નીતિ કેટલા ઊંચા પ્રકારની છે ? તેમજ તેમાં શરીરને ધર્માયતન જાણીને તેને સાચવવાના પણ કેટલા પ્રકાર બતાવ્યા છે ? એકાંતે શરીરની ઉપેક્ષા કરી નથી. આ દરેક ગુણ વિચાર કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકના વિશેષ ધર્મ તરીકે અક્ષુદ્રાદિ ૨૧ ગુણ બતાવેલા છે. તે ગુણવાળાને પણ દ્રવ્યશ્રાવક કહ્યા છે. ભાવશ્રાવકના ગુણ તો તેથી પણ ઊંચા પ્રકારના જુદા બતાવ્યા છે. આ બંને પ્રકારના ગુણોના વર્ણન માટે પણ શ્રાદ્ધવિધિ, વિવેકવિલાસ, શ્રાદ્ધદિનકૃત્ય વિગેરે ગ્રંથો લખેલા છે. આટલા ઉપરથી સમજી શકાશે કે જૈન સંપ્રદાયનું ગુણનું ધોરણ ઘણા ઊંચા પ્રકારનું છે. તેમાં નિર્ગુણી કે દુર્ગુણીને તો સ્થાન જ નથી–ઊભા રહેવાની જગ્યા જ નથી. સારાંશ કે જો તમે જૈન બનવા ચહાતા હો તો પ્રથમ ગુણ પ્રાપ્ત કરો. ગુણ મેળવ્યા પછી–નીતિપરાયણ થયા પછી તમે ખરા જૈન થઈ શકશો.

માત્ર **શ્રાવક** નામધારીને માટે અહીં વિવક્ષા જ નથી.

હવે ભાષણના ત્રીજા વિભાગ ઉપર આવું છું. ત્રીજો વિભાગ સુખના સાચા સ્વરૂપનો છે. તેનું સાચું ને ઉચ્ચ પ્રકારનું લક્ષણ તો આ પ્રમાણે છે:—

**परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखं ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥**

" પરની આત્માથી પર વસ્તુની અથવા મનુષ્યાદિની જે સ્પૃહા રાખવી તે જ મહાદુઃખ છે અને તેની સ્પૃહા ન રાખવા રૂપ જે નિઃસ્પૃહતા તે જ મહાસુખ છે. " આ પ્રમાણે સંક્ષેપમાં સુખ ને દુઃખનું લક્ષણ કહ્યું.

આ વાત બરાબર છે, પરંતુ તે ઉચ્ચ કોટિની છે, તેવા નિઃસ્પૃહ થવું તે બહુ મુશ્કેલ છે. હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા નામના પ્રકરણમાં કહ્યું છે કે—

**सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।**
**तथापि दुःखं न विनाशमेति, सुखं न कस्यापि भवेत् स्थिरत्वं ॥**

" સર્વ સ્થાને, સર્વ જીવોની, સર્વદા દુઃખના નાશ માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ-પ્રયત્ન દેખાય છે, છતાં કોઈનું દુઃખ સર્વથા નાશ પામતું નથી અને સુખ કોઈનું સ્થિર થતું નથી. તેનું કારણ શું ? "

આને માટે વિશેષ વિચાર કરતાં સમજાય છે કે–દુઃખનો સર્વનાશ ને અચળ સુખની પ્રાપ્તિ કરવા માટે હજુ ક્રમસર પ્રયત્ન કરવો પડશે. તેવા સતત પ્રયત્નને અંતે તેની પ્રાપ્તિ જરૂર થશે, પરંતુ વ્યાધિગ્રસ્ત શરીરવાળા માટે વૈદ્ય જેમ પ્રથમ તેના શરીરમાં રહેલા વાત, પીત્ત, કફાદિ ત્રિવિધ દોષને તેમજ બાહ્યને દૂર કરવાનો પ્રયત્ન કરે છે અને તે પ્રયત્નમાં સફળતા મેળવ્યા પછી ફરીને તેવો વ્યાધિ ન થવા માટે તેમ જ શારીરિક પુષ્ટિ માટે પ્રયત્ન કરે છે, તેમ કર્મજન્ય વ્યાધિથી ભરપૂર એવા જીવો માટે કર્મરૂપ વ્યાધિના વૈદ્ય પરમાત્મા તેમજ તેના વચનાનુસાર ઉપદેશ આપનારા ગુરુમહારાજા એમ ફરમાવે છે કે–પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું તારા આત્મિક વ્યાધિને દૂર કરવા માટે પાપકર્મરૂપ કુપથ્યનો ત્યાગ કર, સદ્ધર્મના યથાશક્તિ સેવનરૂપ પથ્યને સ્વીકાર, એટલે જ્યારે તારા આત્મિક વ્યાધિ મંદ પડશે, અમુક અંશે નાશ પામશે ત્યારે તને રસાયણ જેવા આત્મ-ધર્મની પુષ્ટિ કરનારા ઔષધોનું સેવન કરાવવામાં આવશે. અહીં ઉપમિતિભવપ્રપંચ કથામાં બતાવેલ તત્ત્વપ્રીતિકર પાણી, વિમળાલોક અંજન અને ચારિત્રરૂપ પરમાન્ન એજ રસાયણતુલ્ય પરમૌષધ સમજવાના છે.

તે સ્થિતિ છેટી હોવાથી અત્યારની સ્થિતિ શું કરવા યોગ્ય છે કે જેથી સામાન્યપણે દુઃખ દૂર થાય ને સુખની પ્રાપ્તિ થાય ? આ પ્રશ્નના ઉત્તરમાં મારી અલ્પમતિ પ્રમાણે એજ કહેવું ઘટિત છે કે-જો તમને સુખ પ્રિય છે, સુખ મેળવવાની ઇચ્છા છે, તો તમે અન્ય સર્વ જીવોને બની શકે તેટલું સુખ આપો, સુખી કરવાના પ્રયત્નો કરો, તે સાથે તેમના દુઃખો દૂર કરવાના પ્રયત્નો કરો, અન્નપાનના અર્થીને તે આપો, વસ્ત્રપાત્રના અર્થીને તે આપો, સ્થાન ન હોય તેને સ્થાન મેળવી આપો, વ્યાધિગ્રસ્ત હોય તેના દુઃખ ( વ્યાધિઓ ) દૂર કરવા માટે સારા વૈદ્યોની ગોઠવણ કરો, મફત દવા-ઔષધ મળે તેવી તજવીજ કરો, બેકાર ( ધંધા વિનાના ) હોય તેને ધંધે ચડાવવા નાનામોટા ઉદ્યોગ-ગૃહ ઉઘાડો, કેળવણી ન લઇ શકનારને તેના સાધન પૂરા પાડો, અકસ્માતથી આવી પડેલી વિપત્તિવાળાની તે પ્રકારની વિપત્તિઓ દૂર કરવા યથાશક્તિ પ્રયત્ન કરો અને તેવા પ્રયત્ન માટે બીજાઓને પ્રેરણા કરો. પ્રથમ તો દુઃખના નાશને જ તમે સુખની પ્રાપ્તિ કરાવી આપવા રૂપ માનો, પછી શક્તિમાં આગળ વધો તો સુખના સાધનો-આરામગૃહો, પ્રસૂતિગૃહો, કેળવણીની સંસ્થાઓ, મુસાફરને આશ્રય આપનાર ધર્મશાળાઓ, સસ્તા ભાડાની ચાલીઓ, ઓછા ખર્ચે ભોજન મળે તેવી ભોજનશાળાઓ ખોલો અને તેમાં તમને મળેલા દ્રવ્યનો વ્યય કરો. પછી જુઓ કે તે તે સ્થાનોના આશ્રય લેનારાઓના શુભાશીર્વાદથી તમને અહીં પણ સુખ શાંતિ-ચિત્તમાં આનંદ કેટલાં પ્રાપ્ત થાય છે ? પરભવમાં પ્રાપ્ત થનારા સુખની તો મર્યાદા જ બાંધી શકાતી નથી. એને પરિણામે તો મનુષ્ય કરતાં અનેકગણા સુખવાળા-કિંચિત્ પણ દુઃખ વિનાના દેવપણાની પ્રાપ્તિ થશે એ નિસંશય સમજજો.

ઉપર લખેલા મારા ભાષણના સારમાંથી કેટલુંક ત્યાં કહેવાયેલું છે અને કેટલુંક તેનાથી વધારાનું છે, તેમજ ત્યાં કહેવાયેલું કેટલુંક આમાં લખાયેલું પણ નથી. આ તો માત્ર સારગ્રાહી સજ્જનો માટે એક નવો લેખ જ તે ભાષણને અવલંબીને લખ્યો છે.

સં. ૧૯૯૪ કાર્તિક વદિ ૯ કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૧૦૬)

**" આપણે જે જોઈએ છે એમ આપણે માનીએ તેની પ્રાપ્તિ થાય એમાં તાલેવંતપણું દેખાય છે. પણ તેના વગર ચલાવી લેવાની શક્તિ મેળવવી એ તેનાથી વધારે મહાન છે એ સત્ય છે. "**

**આ**પણને પૈસા જોઈએ, ઘરના ઘર જોઈએ, ખાવાપીવાની વસ્તુની સમૃદ્ધિ જોઈએ, ફરવા માટે ગાડી મોટર જોઈએ, સેવા માટે નોકર–ચાકર જોઈએ, આપણા બેંકના ખાતામાં નાણાની જમા જોઈએ, અને કેટલાં વાડીવજીફા ખેતરો જોઈએ—વિગેરે. આ સર્વ હોય ત્યારે માણસ દુનિયાની નજરમાં માલતુજ્જાર દેખાય છે, એ પૈસાદાર ગણાય છે. એ સત્તાશીલ ગણાય છે, એ નસીબદાર ગણાય છે, એ દુનિયાની નજરે ' કરમી ' ગણાય છે.

તમને નવા ઘરની, નવી મોટરની, નવી વસ્તુઓની અનેકાનેક ઇચ્છાઓ થતી હશે, ન મળે ત્યાંસુધી એની પછવાડે દોડવાનું મન થતું હશે, એ પ્રાપ્ત થાય ત્યારે તુરતમાં જાણે જિંદગીની એક મોટી હોંશ પૂરી પડી એમ મનમાં લાગતું હશે, પણ એ વસ્તુ પ્રાપ્ત થયા પછી થોડે વખતે એમાં જરા પણ રસ રહેતો નથી. થોડા દિવસ ગયા પછી એ વસ્તુ પોતાની પાસે છે કે નહિ તેનું સ્મરણ પણ થતું નથી અને પ્રાપ્તિ પહેલાંનો મોહ ઉપેક્ષામાં ફેરવાઇ જાય છે. વસ્તુ પ્રાપ્ત થયા પછી થોડા વખતમાં એનું મૂલ્ય પરિવર્તન થઇ જાય છે અને ઘણી વાર તો જરા પણ મૂલ્ય રહેતું નથી. ત્યારે પછી થોડાં ઈંટ માટી કે ચુનાનાં ઢગલા કે ધાતુના કે કાગળના ટુકડાની પ્રાપ્તિમાં પોતે માલદાર થયેલ છે એમ માનવામાં કાંઇ ભ્રાંતિ જેવું લાગતું નથી, પણ એ વાતને જરા વિસારીએ.

પ્રાપ્તિથી આપણે માલદાર થયા એમ માનીએ એમાં ભ્રમણા કે મૃગજળ છે એ તો અનુભવે સમજાય, પણ એના વગર ચલાવી લેતાં આવડે એ ખરેખર મહાન બાબત છે. શેમાં મોહ્યા ? પ્રાપ્તિ કરતાંએ ત્યાગ વધારે બળવાન છે. મન પર આકરો કાબૂ હોય તો જ આ વાત બેસે તેવી છે. લઇને રાચતા ફરતાં આવતાને લાત મારવી, એની ઇચ્છા થાય તેને દબાવી તે પર કાબૂ મેળવવો, એ વસ્તુ વગર પણ જીવી શકાશે એવી આંતરદશા કરી દેવી અને એ વસ્તુ તરફના આકર્ષણને જ દૂર રાખવું એ ખરેખર આંતરરાજ્ય છે, મહાન બળ છે–ખરું આત્મવીર્ય છે.

' **કાકા** ! માંધાતા જેવા રાજાઓ ગયા તેની સાથે પૃથ્વી ન ગઇ પણ તમારી સાથે તે જરૂર આવશે એમ મને લાગે છે–' આ લાક્ષણિક **ભોજ**ના બોધમાં જીવનની ચાવી છે. વસ્તુની પાછળ પડવાને બદલે તેની સામે બે હાથ ધરો, આંખ આડા કાન કરો અને પછી અંતરના પ્રકાશને અનુસરો જુઓ. ચાલુ વ્યવહારમાં સર્વસ્વ માનનારને આ વાત કલ્પના મય લાગે, પણ તે જીવનની ચાવી છે. સાચા સ્વરૂપે પ્રાપ્તિનું લક્ષણ બતાવનાર મહાન

[illegible]

For Private And Personal Use Only

જેટલા મનોનિગ્રહ કરી શકો એમ ત્યાં સુધી પ્રકાશ નહિ કે પણ ત્યાંસુધી પહોંચવા જેટલું આંતરસામર્થ્ય મેળવવા પુરુષાર્થ સેવવો ઘટે. પ્રાપ્તિ પછીના ઓજસ તો અંતરાત્મા હશે, પણ એ દશાએ પહોંચવાનો નિર્ણય કરવા જેટલી અંતરવિચારણા શક્તિની પ્રાપ્તિ રવી એ જીવનમાં કૌશલ્ય બતાવવાનો અતિ દુર્ગમ યોગમાર્ગ છે. તે ખાસ હોય તેને જ મળે.

"To get what we think we need appears to be riches, but to be able to do without is something for greater, it is power." ( 12-8-37. )

## ( ૧૦૭ )

## બાર ભૂલો

**સા**માન્ય રીતે પ્રાણીની એક ખાસીઅત હોય છે કે એ પોતાની ભૂલ કબૂલ ન કરે. પોતે અભિજ્ઞ કે સર્વજ્ઞ છે અને પોતામાં જેટલી અક્કલ છે તેટલી કોઇમાં નથી અને પોતે કદી ભૂલ તો ન જ કરે એવી માન્યતાના ધોરણ પર જ દુનિયા ચાલે છે. છતાં એવા માણસો કોઇ કોઇ હોય છે ખરા, જેઓ પોતાની ભૂલ છે એમ જોઇ શકે છે અને જાહેરમાં ભૂલ પણ વગરસંકોચે કરે છે. ન્યાયાધીશ કેન્ડુલે એક વાર જાહેર ભાષણમાં પોતાની બાર ભૂલો કબૂલ કરી હતી. આપણે પણ એમાંની કોઇ ભૂલો દરરોજ અથવા વારંવાર કરીએ છીએ કે નહિ તેનું આત્મનિરીક્ષણ કરવા યોગ્ય છે. ખૂબ વિચાર કરવાથી પોતાની નબળાઇઓ જણાય તો તેમાં શરમાવા જેવું નથી. ભૂલ જોનાર જ પોતાનો માર્ગ સરળ અને સફળ કરી શકે છે. પોતાના તાનમાં મસ્ત રહેનાર અથવા ખુશામતીઆની પ્રશંસાથી ફુલાઇ જનાર કદી પ્રગતિ કરી શકતા નથી. એટલા માટે સદર આત્મનિરીક્ષકે પોતાની બાર ભૂલો કેવી રીતે ગણાવી હતી તે વિચારી, તેને પોતાના જીવનની માપકયંત્રણા નીચે મૂકીએ. એ જડજે બાર ભૂલો કરી હતી. તેને પોતે જાહેર રીતે સ્વીકારી લે છે. આ રહી તેની બાર ભૂલો:—

૧. સારા અથવા ખરાબનું **પોતાનું** ધોરણ મુકરર કરવા પ્રયત્ન કરવો અને **એ ધોરણ** પ્રમાણે સર્વ વર્તે એવી આશા રાખવી.

૨. તમને પોતાને જેમાં આનંદ પડતો હોય તે પ્રમાણે જ બીજાઓને પડતો હશે એવી માપણી કરવાનો પ્રયત્ન કરવો.

૩. દુનિયામાં એક સરખો મત-અભિપ્રાય થશે એવી આશા રાખવી.

૪. જુવાનીઆઓમાં અનુભવ અને નિર્ણયની આશા રાખવી.

૫. સર્વ પ્રકૃતિઓને એક ઘાટે ઉતારવાનો પ્રયત્ન કરવો.

૬. નિરર્થક-નજીવી બાબતોને તાબે ન થઇ જવું.

૭. આપણાં પોતાનાં કાર્યોમાં પરિપૂર્ણતા શોધવી.

૮. જે બાબતમાં ઉપાય થઇ શકે નેવું ન હોય તેવી બાબતમાં આપણી જાતને અને બીજાને ઉચાટ કરવા-કરાવવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯. જેને આપણા પ્રયત્નથી કોઈ સુધારી ન શકાય તેને કોઈ રીતે સુધારવા.

૧૦. બીજાની ન્યૂનતાઓને અંગે ના ગણતા ન કરવી.

૧૧. આપણે જે વાત કરી ન શકીએ તેને અશક્ય ધારવી.

૧૨. આપણી મર્યાદિત શક્તિ જેટલું ગ્રહણ કરી શકે તેટલું જ માનવું.

બારે બાબતો ખૂબ વિચારવા યોગ્ય છે, દરેક પ્રખર આંતરપરીક્ષા માગે છે અને એ પરીક્ષા આવડે તો જ અંદરથી જવાબ મળે તેમ છે. ગોટા વાળનારને આનું રહસ્ય પ્રાપ્ત ન થાય એ તો ઉઘાડી રીતે દેખાય તેવી વાત છે.

---

" Twelve mistakes." ( 16-8-1936 ) BOWCHRO.

## ( ૧૦૮ )

## ગરીબાઇને બહુની જરૂર હોય છે, પણ લોભને તો સર્વની જરૂર હોય છે

**ગરીબ**ના છોકરાને પીવા દૂધ જોઇએ તે ન મળે, રહેવા માટે ગરીબને સાદું ઘર જોઇએ–ન મળે, બેસનારને ગાડી ન મળે, ફરનારને વાહન ન મળે, ખાનારને પેટપૂરતો ખોરાક ન મળે વિગેરે, એ પ્રમાણે ગરીબાઇમાં ઘણી વસ્તુ ઓછી પડે છે. ભૂખ લાગી હોય ત્યારે ખાવાનું ન મળે એ ભારે ખેદનો વિષય છે, ત્યાંથી માંડીને અનેક ચીજોનાં ગરીબોને સ્વપ્ના આવે છે, પણ એણે પેટે પાટા બાંધીને બેસી રહેવું પડે છે કે મન પર કાબૂ રાખી મનને વાળવું પડે છે.

**લોભને** દરેક વસ્તુ જોઇએ છે. ગરીબને તો પેટપૂરતું ખાવાનું મળે તો તેથી તેને સંતોષ થાય છે અને એ સુખે સૂઇ જાય છે; પણ મનજીભાઇના મનોરથે ચઢેલા લોભાભાઇને તો કોઇ વાતથી સંતોષ થતો નથી. એને હજાર મળે તો દશ હજારની અને લાખ મળે તો કરોડની વાંછા થયા કરે છે, એને રાજ્ય મળે તો ઇંદ્રાસન જોઇએ અને એને બેસવા ઘોડો મળે તો હાથીની ઇચ્છા થાય. એને દિવસે જંપ નથી અને રાત્રે ઊંઘ નથી; એને ખાવામાં ચેન નથી અને પચવામાં ઠેકાણાં નથી; એને કપડામાં રસ નથી અને કળામાં આનંદ નથી. એને તો આખા ગામની સંપત્તિ ઘરભેગી કરવી છે અને એને આજની સિદ્ધિને આવતી કાલનું ચલનબિંદુ કરવું છે. એને પોતાની મિલ્કત–પરિગ્રહમાં વધારો કરવા સિવાય બીજું કાંઇ ગમતું નથી અને એ કીર્તિનો લોભી થાય તો ગમે તે પ્રકારે તેને મેળવવામાં એ સાધનની ક્લિષ્ટતા કે અધમતાને અવગણવામાં સંકોચ પામતો નથી.

એક બ્રાહ્મણ રાજા પાસે બે દિનાર માગવા ગયો. પ્રભાતે પ્રથમ આવનારને રાજા બે દિનાર આપતો હતો. આ બ્રાહ્મણ આખી રાત રાજમહેલ આગળ પહેલા થવાની લાલચે રહે. મોડી રાત્રે મહેલ નજીક આંટા મારનાર એ કોણ છે? એની તપાસ કરાવતાં બોશિયાર બ્રાહ્મણને જાણ્યો. જોઇએ તેટલું એક વાર માગી લે એમ કહેતાં એ બાગમાં વિચાર કરવા ગયો. ઘરબાર દોલત નોકર ચાકર ઓછા પડ્યાં, રાજાનું રાજ્ય પણ એને ઓછું પડ્યું. અંતે એ સમજ્યો કે લોભને વશ પડેલ પ્રાણીની જરૂરીઆતોને કે ઇચ્છાને મર્યાદા જ નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગરમાં દીક્ષા મહોત્સવ

## ( પાવાપુરીની રચના )

ગત માગશર શુદિ ૬ કે ભાવનગર ખાતે પં. ગુલાબવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી મંગળવિજયજી પાસે ભાવનગરના જ રહીશ ભાઇ પ્રેમચંદ માણેકચંદે તેમના કુટુંબની તથા શ્રી સંઘની રજા સાથે અને મોટા મહોત્સવ-પૂર્વક ચારિત્ર લીધું છે.

એ બંધુની ઉમર સુમારે ૨૫ વર્ષની છે. બાળબ્રહ્મચારી છે. તેઓ ધર્મની લાગણીવાળા, અભ્યાસી તેમજ શ્રાવક ધર્મની આરાધનામાં તત્પર હતા. તેમણે પોતાનો વિચાર પ્રથમ પોતાના મિત્રમંડળમાં જણાવેલો. ત્યારબાદ પોતાના કુટુંબમાં પણ જણાવ્યો હતો. તેમના મિત્રમંડળે આ દીક્ષાના ઉમેદવારની સારી રીતે ભક્તિ કરી છે. એક સારો મેળાવડો કરીને અભિનંદન પત્ર આપ્યું છે. એ શુભ પ્રસંગને અનુસરીને મોટા દેરાસરમાં મહોત્સવમંડપમાં પાવાપુરી તીર્થની સુંદર રચના કરવામાં આવી હતી. શુદિ ૧ થી અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કર્યો હતો. દરરોજ જુદી જુદી પૂજાઓ ભણાવાતી હતી. રાત્રીએ આંગી તેમજ રોશનીની શોભા બહુ આકર્ષણીય થતી હતી. શ્રાવક-શ્રાવિકાઓ દર્શનનો લાભ મોટી સંખ્યામાં લેતા હતા. આ શુભ પ્રસંગના ખર્ચમાં તેણે પોતે તેમજ તેના બંધુ-વર્ગે સારો ફાળો આપ્યો હતો. મહોત્સવનું કાર્ય શ્રી સંઘને સુપ્રત કરવામાં

---

વિદ્વાનો કહે છે કે આકાશને માપી શકાય, પણ લોભનો તો છેડો જ નથી, એને કોઇ માપી શક્યું નથી અને ગમે તેટલું મળે પણ એને 'હાશ' થતી નથી. એ દુનિયાને મૂર્ખ માને છે, ખર્ચ કરનારને અક્કલ વગરના માને છે અને મોજ માણનારને ગધેડા સમજે છે. એને કદી જંપ વળતો નથી અને શાંત ઊંઘને અને તેને વિરોધ જ રહે છે. તંદ્રિત સ્થિતિમાં એના ગડમથલવાળા મનમાં આશાના લોભતૃષ્ણાના સ્વપ્નો આવે છે, એનું મન લગભગ ભ્રમિત અવસ્થાવાળું રહે છે અને એના ઉકળાટ અને અંતર ખીજવાટ સર્વદા પ્રકટ દશામાં રહે છે. ગરીબને ઘણું જોઇએ, પણ થોડું મળ્યે એને સંતોષ શક્ય છે, પણ લોભીને તો ગમે તેટલું મળે, પણ અધૂરું જ રહે છે. સર્વ ગુણોનો નાશ કરનાર લોભ જીવનમાં અતિ પ્રત્યાઘાતક ભાગ ભજવે છે. **ગરીબને** સંસારસાગર તરવાનો પ્રસંગ મળે છે, પણ **લોભીને** તો બારે માસ કૂતરાની દશાએ પુંછડી હલાવી લોકોના દ્વારે દ્વારે ભટકવાનું જ હોય છે. મનોરથ ભટની ખાડ એટલી ઊંડી છે કે એ કદી ભરાણી નથી અને એને કોઇ ભરી શક્યું નથી. આ ખાડને ઓળખી જનારની બલિહારી છે અને એને જાણનારનું કૌશલ્ય પ્રશંસાને પાત્ર છે.

---

"Poverty is in want of much, but avarice of everything." ( S-2-36 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું હતું. સુદિ ૫ બુધવારે સ્થાપનાનો વરઘોડો મોટા દેરાસરથી ચઢ્યો હતો. શોભા બહુ સારી આવી હતી. સુદિ ૬ શુક્રવારે દીક્ષામહોત્સવનો વરઘોડો તેમને ઘરેથી ચઢ્યો હતો. દીક્ષાના ઉપકરણોની છાબ તેમની કાકીએ લીધી હતી.

આ મહોત્સવ પ્રસંગે કુંકુમપત્રિકા છપાવીને બહાર પાડવામાં આવી હતી અને તેમના કાકા નાનચંદ છગનલાલ તથા તેમના ભાઈ વ્રજલાલ ને કાકાના દીકરા હીરાલાલ પણ ભાવનગર આવ્યા હતા. તેમના કુટુંબનો ઉત્સાહ પણ સારો હતો. વરઘોડો દશ લગભગ દાદાસાહેબની વાડીએ પહોંચતાં મુનિરાજ શ્રી મંગળવિજયજીએ નંદીને લગતી ક્રિયા ચતુર્વિધ સંઘ સમક્ષ નંદીમાં પધરાવેલા ચતુર્મુખ જિનબિંબની ફરતી પ્રદક્ષિણાઓ અપાવીને કરાવી હતી. કેટલીક શ્રાવક–શ્રાવિકાઓએ ચતુર્થ વ્રત ઉચ્ચર્યું હતું અને કેટલીક બહેનોએ વીશ સ્થાનકનો તપ કરવાનું સ્વીકાર્યું હતું.

પ્રાથમિક ક્રિયા થઈ રહ્યા પછી મુનિવેશ તરીકે રજોહરણ ને મુહપત્તિ આપ્યા બાદ ક્ષૌર અને સ્નાન ક્રિયા કરાવવામાં આવી હતી. પછી શરીર નિર્મળ કરી મુનિવેશ ધારણ કરાવીને ગુરુમહારાજ તેમને સભામંડપમાં લાવ્યા હતા ત્યાં બાકીની ક્રિયા કરાવીને જાવજ્જીવની કરેમિ ભંતે ઉચ્ચરાવી હતી. નામસ્થાપન પ્રસંગે 'મુનિરાજ શ્રી મંગળવિજયજીના શિષ્ય **મુનિ કાંતિવિજયજી**' એમ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ક્રિયાની સમાપ્તિ કરીને ગુરુમહારાજની સાથે નગરપ્રવેશ તે જ દિવસે શુભ મુહૂર્તે કર્યો હતો. દાદાવાડીમાં શ્રીફળની પ્રભાવના થઈ હતી.

આ મહોત્સવમાં શ્રીસંઘના મહાનુભાવોએ સારો ભાગ લીધો હતો અને પોતાનું દીક્ષાપ્રેમીપણું સિદ્ધ કરી આપ્યું હતું. આ દીક્ષામહોત્સવ બહુ વર્ષે થયેલ હોવાથી જૈન સમુદાયનું આકર્ષણ વિશેષ હતું. અન્ય દર્શનીઓ પણ જૈન ધર્મના ત્યાગમાર્ગની અનુમોદના કરતા હતા. આવા દીક્ષામહોત્સવો વારંવાર થાઓ એમ ઇચ્છતા હતા.

આ મહોત્સવને પ્રસંગે કરાયેલી પાવાપુરીની રચનાના સંબંધમાં એટલું કહેવું જ બસ છે કે તે રચનાને યથાર્થપણું આપવા માટે કેટલીક વિશિષ્ટતા લાવવાની જરૂર હતી, પરંતુ તે તો હવે પછી થનારી નવી રચનાને પ્રસંગે જ અમલમાં આવી શકે.

દીક્ષા મહોત્સવને અંગે પાવાપુરીની રચના કરવાને બદલે જો તીર્થંકરના દીક્ષા કલ્યાણકને અનુસરતી રચના કરવામાં આવે તો તે બહુ અનુકૂળ દેખાવ આપે; પરંતુ તે તો મહોત્સવ કરનારની રુચિ, વખત તથા ખર્ચ વિગેરે ઉપર આધાર રાખે છે.

અમે આ દીક્ષામહોત્સવની અંતઃકરણથી અનુમોદના કરીને આ ટૂંકો લેખ સમાપ્ત કરીએ છીએ.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—અગરચંદ નાહટા. )

**પ્રશ્ન ૭**—સ્ત્રી સાથેના એક વારના સંયોગમાં અસંખ્ય સંમૂર્છિમ જીવોની ને લક્ષપૃથક્ત્વ ગર્ભજ જીવોની ઉત્પત્તિ કહી છે તો તેનું શરીર કેવડું હશે ? અને તે હલનચલન કરતા હશે કે નહિ ? હલનચલન કરતા હોય તો તેની ખબર કેમ ન પડે ?

**ઉત્તર**—સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિયનું શરીર તો અંગુળના અસંખ્યાતમા ભાગનું જ હોય છે અને તે અપર્યાપ્તાવસ્થામાં જ મરણ પામે છે. બીજા ગર્ભજ જીવોનું શરીર પણ ઉપજતી વખત તો અંગુળના અસંખ્યાતમા ભાગનું જ હોય છે પછી વધે છે. તેમાંથી જે એક બે રહેવાના હોય તે રહે છે અને બીજા મરણ પામે છે, તેની ખબર પડી શકે નહીં એવા તેમના શરીર સૂક્ષ્મ હોય છે. હલનચલનની હકીકત તો વૃદ્ધિ પામ્યા પછીની છે. તે વખત તો સ્ત્રીને પોતાને તેની ખબર પડે છે.

**પ્રશ્ન ૮**—ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય નરમાદાના સંયોગમાં મનુષ્યની જેમ જીવોત્પત્તિ ને વિનાશ થાય છે ?

**ઉત્તર**—તે પ્રમાણે થવા સંભવ છે, કારણ કે ગર્ભજપણાની સ્થિતિ પ્રાયે મનુષ્ય-તિર્યંચની સમાન હોય છે.

**પ્રશ્ન ૯**—એક કુળકોડી જો ૧૦૮ પુરુષથી જ થતી હોય તો યાદવોની સંખ્યા બહુ ઓછી થઇ જશે. આ બાબત અંગુળસત્તરી પ્રકરણમાં શું કહ્યું છે ?

**ઉત્તર**--૧૦૮ પુરુષથી કુળ ગણવાનો પણ એક પ્રકાર છે એમ કહેલ છે. બાકી યાદવોની કુળકોડી તે પ્રમાણે ગણવી એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી. વળી જીવોની કુળકોડીને યાદવોની કુળકોડી સાથે સંબંધ નથી. અંગુળસત્તરી પ્રકરણમાં આ બાબતનો ઉલ્લેખ જણાતો નથી.

**પ્રશ્ન ૧૦**—શું અનાર્યક્ષેત્ર કાયમ અનાર્ય જ રહે છે ? આર્યાનાર્યનું લક્ષણ શું કહેલ છે ? આર્યક્ષેત્રમાં શું કોઇ અનાર્ય નથી હોતા ? અને સમયના પ્રવાહથી આર્યના અનાર્ય ને અનાર્યના આર્ય નથી થતા ?

**ઉત્તર**—ભરતખંડની અપેક્ષાએ તેના છ ખંડો પૈકી પાંચ ખંડો તો પ્રાયે અનાર્ય જ છે. તેમાં કહી કોઇ જીવ આર્ય હોય તો **ના** કહેવાય નહીં. ભરત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષેત્રના આ દક્ષિણ મધ્યખંડમાં પણ માત્ર સાડીપચીશ દેશ જ આર્ય કહેલા છે; બાકીના અનાર્ય છે. અનાર્યનું ખાસ લક્ષણ તો જેઓ ધર્મ જ ન જાણે તે અનાર્ય કહેવાય એવું છે. અનાર્યના આર્ય અને આર્યના અનાર્ય થઇ શકે નહીં એમ એકાંતે કહેવાય નહીં, પરંતુ હાલમાં આપણે જેને અનાર્ય દેશ માનીએ છીએ તે મૂળ લક્ષણ પ્રમાણે અનાર્ય જ નથી, તેથી તેવા અનાર્યના આર્ય ને આર્યના અનાર્ય થઇ શકે. આર્ય ને અનાર્યના દેશ, જાતિ, શિલ્પ, કર્મ વિગેરે ઘણા ભેદો કહેલા છે.

**પ્રશ્ન ૧૧**—જ્ઞાનખાતાની રકમ ગુરુના ફોટો કે મૂર્ત્તિ વિગેરેમાં વપરાય કે નહીં ? તમે એક પ્રશ્નોત્તરમાં ના લખી છે તેનું શું કારણ ?

**ઉત્તર**—મને મારી બુદ્ધિ પ્રમાણે એ પ્રવૃત્તિ અયોગ્ય લાગવાથી તેમ લખેલ છે, છતાં કોઇ મહાપુરુષ શાસ્ત્રાધારે તેમ કરવામાં વાંધો નથી એમ સિદ્ધ કરે તો મારા તરફથી વિરોધ સમજવો નહીં.

**પ્રશ્ન ૧૨**—તમે નરનારીપણું ગર્ભજ પંચેંદ્રિયમાં જ કહો છો પરંતુ વીંછી ને વીંછણ તેમજ અમુક વનસ્પતિમાં સ્ત્રી જાતિ ને પુંજાતિ ( પોપૈયા વિગેરેમાં ) હોય છે તેનું કેમ ?

**ઉત્તર**—સ્ત્રીવેદ ને પુરુષવેદનો ઉદય ગર્ભજ પંચેંદ્રિયમાં જ હોય છે, બીજા તિર્યંચો, વિકળેંદ્રિયો કે વનસ્પતિમાં મૈથુનસંજ્ઞાની અપેક્ષાએ તેમ કહેવાય છે, પણ તેને વેદોદય સ્ત્રી કે પુરુષનો સમજવો નહીં.

**પ્રશ્ન ૧૩**—સ્થાપનામાં પુસ્તક મૂકવું ઠીક છે કે ગુરુનો ફોટો મૂકવો ઠીક છે ?

**ઉત્તર**—સ્થાપનાને માટે ગુરુવંદન ભાષ્યમાં સદ્‌ભાવ ને અસદ્‌ભાવ સ્થાપના તેમજ ઇત્વર ને યાવત્કથિક સ્થાપના બતાવેલ છે તે વાંચશો. જ્ઞાન, દર્શન, ચારિત્રના બધા ઉપગરણો સ્થાપના તરીકે મૂકી શકાય છે. ગુરુમહારાજનો ફોટો પણ મૂકી શકાય છે, પરંતુ જે તે મુનિનો ફોટો મૂકતાં વિચારભેદ ઉત્પન્ન થવા સંભવ છે તેથી ગૌતમસ્વામીની છબિ મૂકાય તો વાંધો જણાતો નથી. આવી બાબતમાં વિરોધ ઉત્પન્ન થાય નહીં તેવી પ્રવૃત્તિ કરવી. બાકી નવકારવાળી કે પુસ્તક મૂકવું યોગ્ય છે કે જેમાં વિરોધ જ ઉત્પન્ન ન થાય.

**પ્રશ્ન ૧૪**—અસંખ્યાતનો અર્થ જેની સંખ્યા નહીં અને અનંત એટલે જેનો અંત નહીં–આ અર્થ બરાબર છે ?

**ઉત્તર**—અસંખ્યાતનો અર્થ જેની સંખ્યા થઇ શકે નહીં એવો કરી શકાય પરંતુ એવા અસંખ્યના અસંખ્ય પ્રકારો છે અને ઉત્કૃષ્ટ સંખ્યાતની પણ સંખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકતી નથી એ વાત ધ્યાનમાં રાખવી. અનંતનો અર્થ જેના અંત નહીં એવો ન કરાય, કારણ કે એક પુદ્ગલપરાવર્તમાં અનંત કાળ વ્યતીત થાય છે છતાં તેનો અંત આવે છે. વળી શાસ્ત્રમાં અનંત પણ નવ પ્રકારના કહ્યા છે તેથી તેમાંના પ્રથમના સાત અનંતાનો પણ અમુક અપેક્ષાએ અંત માનવો પડે છે.

**પ્રશ્ન ૧૫**—શ્રીસીમંધરસ્વામીના ચૈત્યવંદનમાં નમુથ્થુણં કયાં સુધી બોલવું ? કારણ કે તેઓ સિદ્ધિસ્થાનને પ્રાપ્ત થયેલ નથી તેથી ઠાણં સંપત્તાણં કેમ કહી શકાય ?

**ઉત્તર**—એમના ચૈત્યવંદનમાં નમુથ્થુણં સંપૂર્ણ કહી શકાય. એમને અમુક નયની અપેક્ષાએ મોક્ષસ્થાન પ્રાપ્ત પણ કહી શકાય છે અને વ્યાકરણના અમુક નિયમો પ્રમાણે ભાવીનો વર્તમાનમાં અને વર્તમાનનો ભાવીમાં ઉપચાર કરાય છે.

**પ્રશ્ન ૧૬**—ગુરુમૂર્ત્તિની પૂજા જળ-પુષ્પાદિથી કરવી યોગ્ય છે ? સચિત્ત-ત્યાગી નિર્ગ્રંથની પૂજા કેવી રીતે કરવી યોગ્ય ગણાય ?

**ઉત્તર**—આ પ્રશ્ન વિવાદાસ્પદ હોવાથી એ બાબતના મારા વિચારો સ્પષ્ટતાથી લખી શકતો નથી, પરંતુ સ્થાપનાનિક્ષેપા માટે બાધ ગણી શકાતો નથી.

**પ્રશ્ન ૧૭**—તીર્થંકરની માતા રજસ્વલા ન થાય એમ દિગંબરના શાસ્ત્રો કહે છે, આપણામાં તેવો ઉલ્લેખ છે ?

**ઉત્તર**—શ્વેતાંબર આમ્નાયના શાસ્ત્રોમાં તેવો ઉલ્લેખ વાંચવામાં આવ્યો નથી, પરંતુ તીર્થંકરના જન્મ પછી અન્ય ગર્ભ ધારણ કરતી નથી.

**પ્રશ્ન ૧૮**—ગ્રહણા ને આસેવના એમ બે પ્રકારની શિક્ષા કહી છે તેનો અર્થ શું છે ? અને તેનો ઉપયોગ શી રીતે કરાય છે ?

**ઉત્તર**—આ બે પ્રકારની શિક્ષા ખાસ કરીને મુનિરાજને ઉદ્દેશીને કહેલી છે. તેમાં સૂત્રાર્થનું ગ્રહણ તે ગ્રહણ શિક્ષા અને પ્રતિક્રમણ-પડિલેહણાદિ ક્રિયા તે આસેવના શિક્ષા. એમાં જ્ઞાન ને ક્રિયા બંનેનો સમાવેશ થઇ જાય છે.

આનો વિસ્તાર શ્રી લોકપ્રકાશાદિ ગ્રંથોથી જાણવો.

**પ્રશ્ન ૧૯**—નોકર્મ કોને કહે છે ?

**ઉત્તર**—નોકર્મ શરીરને કહે છે કે જે કર્મ બાંધવામાં સહચારી છે.

**પ્રશ્ન ૨૦**—પૂર્વે પહેલા, બીજા, ત્રીજા આરામાં મનુષ્યના દેહ અને આયુ વગેરે મોટા હતા તો તેની ગર્ભસ્થિતિ વધારે હતી કે કેમ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—ગર્ભસ્થિતિ વધારે નોંધાતી. યુગલિક સમયમાં પણ લગભગ નવ માસની જ હતી અને છઠ્ઠે આરે પણ ગર્ભસ્થિતિ તેટલી જ સમજવી.

**પ્રશ્ન ૨૧**—કૃષ્ણનો વિવાહ ૧૫ વર્ષની ઉમ્મરમાં ૩૦૦ વર્ષની સત્યભામા સાથે થયાનું કલ્પસૂત્રવૃત્તિમાં કહેલ છે તો તે સંભવિત છે ?

**ઉત્તર**—એ હકીકતવાળી વૃત્તિનું સ્થાન સ્પષ્ટ લખશો. મારા વાંચવામાં આવેલ નથી.

**પ્રશ્ન ૨૨**—નેમિનાથ ને રાજિમતીનો વિવાહ મુકરર કરવામાં આવ્યો હતો તે વખત રાજિમતીની ઉમ્મર મોટી હતી તે હકીકત બરાબર છે ?

**ઉત્તર**—આયુષ્ય તો નેમિનાથનું હજાર વર્ષનું હતું અને રાજિમતીનું નવ સો વર્ષનું હતું. વિવાહ સમયે જો કે રાજિમતીની વય ૧૦૦ વર્ષ મોટી હતી પરંતુ તે કાળે તે અયોગ્ય ગણાતી નહીં હોય.

**પ્રશ્ન ૨૩**—જૈની માજીસ્ટ્રેટ થઈ શકે ? તે પ્રાણદંડ આપી શકે ? શું એ પ્રમાણે દંડ આપવાનો અધિકાર જૈની ન્યાયાધીશને હોઈ શકે ?

**ઉત્તર**—જૈનમાર્ગમાં જે શ્રાવકે જેટલે અંશે ત્યાગ કર્યો હોય તેટલે અંશે તે પાળવા બંધાયેલ છે. માજીસ્ટ્રેટ થનારે જો પ્રથમ વ્રતમાં પ્રાણદંડાદિ આપવાનો ત્યાગ ન કર્યો હોય તો તેના વ્રતનો ભંગ થતો નથી, બાકી ભવભીરુ અને આત્માની પ્રગતિ કરવાનો ઇચ્છક શ્રાવક તો તેવી નોકરીમાં પણ પોતાની ફરજને અંગે જે કરવું ઘટે તે શુદ્ધ બુદ્ધિથી કરે. પૂર્વે મંત્રી, સામંતો તેમ જ રાજાઓ પણ જૈન થયેલા છે તેથી તેવી બાબતનો એકાંત પ્રતિબંધ સમજાતો નથી.

**પ્રશ્ન ૨૪**—છઠ્ઠ ને અઠ્ઠમ બે અને ત્રણ ઉપવાસને કહે છે તો તેનો અર્થ શું છે અને તે અર્થ પ્રમાણે હાલમાં પ્રવૃત્તિ છે કે નહીં ?

**ઉત્તર**—છઠ્ઠ એટલે છ ભક્તનો ત્યાગ અને અઠ્ઠમ એટલે આઠ ભક્તનો ત્યાગ એ એનો શબ્દાર્થ છે. એક દિવસના બે ભક્ત ગણાય છે. એ રીતે બે દિવસના ચાર ભક્ત અને આગળ તથા પાછળને દિવસે એકાસણું કરવાથી એકેક ભક્ત ( ભોજન ) નો ત્યાગ એમ છ ભક્તનો જેમાં ત્યાગ થાય તે છઠ્ઠ કહેવાય. આવી પ્રથમ પ્રવૃત્તિ હોવા સંભવ છે. બાકી હાલ તો બે ઉપવાસને છઠ્ઠની અને ત્રણ ઉપવાસને અઠ્ઠમની સંજ્ઞા જ આપવામાં આવેલ છે. વધારે ઉપવાસ માટે પણ તે પ્રમાણે જ ગણત્રી ગણીને પ્રત્યાખ્યાન આપતાં ભક્તની સંખ્યા બોલાય છે.

**પ્રશ્ન ૨૫**—આર્યરક્ષિત સૂરિ મહારાજે ચારે અનુયોગ પૃથક્ પૃથક્ કર્યા એમ કહેવાય છે તે બરાબર છે ? એમ કરવાનું કારણ શું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—આગામી કાળના જીવો અલ્પજ્ઞ થવાના હોવાથી એકેક ગાથા કે સૂત્રનો ચારે અનુયોગમાં અર્થ કરી શકશે નહીં એમ ધારીને માત્ર પરોપકાર વૃત્તિથી શ્રીઆર્યરક્ષિતસૂરિમહારાજે અનુયોગની પૃથકતા કરી છે અને તે ત્યારપછીના મહાન્ આચાર્યોએ સ્વીકારી છે તેથી તે યોગ્ય જ છે

**પ્રશ્ન ૨૬**—દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અગાઉ અંગસૂત્રાદિ લખાયેલા હતા ?

**ઉત્તર**—સૂત્રો લખાયેલા નહોતા એમ મારા જાણવામાં છે

**પ્રશ્ન ૨૭**—સિદ્ધસેન દીવાકરે આગમો સંસ્કૃત બનાવવાનો વિચાર જણાવ્યો તે ઉપરથી તેમને જે દંડ આપ્યો તે યોગ્ય છે ? શું તેમના વિચાર ખરાબ હતા ?

**ઉત્તર**—તેમને આચાર્યમહારાજે જે દંડ આપ્યો તે યોગ્ય હતો. તેમના વિચારમાં અનંતા તીર્થંકરો ને ગણધરોની આશાતનાનો સમાવેશ હતો. એ પ્રાયશ્ચિત્ત જો અયોગ્ય હોત તો તેઓ જ સ્વીકારત નહીં.

**પ્રશ્ન ૨૮**—શ્રી હરિભદ્રસૂરિએ પોતાના બે શિષ્યના અકાળ મરણથી ક્રોધવશ થઇ ૧૪૪૪ બૌદ્ધના વધનો વિચાર કરેલો તે વાત સત્ય છે ? સંભવિત છે ? યોગ્ય છે ?

**ઉત્તર**—એ હકીકત સત્ય છે, ક્રોધવશ બધું સંભવિત છે, યોગ્ય નથી અને તેથી જ તેમને તેમ કરતાં યાકિનીમહત્તરા સાધ્વીએ અટકાવેલ છે.

**પ્રશ્ન ૨૯**—સુકવણી ખાવામાં પાપ વધારે છે કે લીલોતરી ખાવામાં વધારે છે ? કારણ કે ઘણી લીલોતરી સુકવવાથી થોડી સુકવણી થાય છે, પરંતુ લીલોતરી કરતાં સુકવણી ઓછી વિકૃતિ કરે છે એમ કહે છે તે બરાબર છે ?

**ઉત્તર**—આ વિષયમાં એકાંતે કાંઇ કહી શકાય તેમ નથી. જૈનમાર્ગ તો ત્યાગપરાયણ છે તેથી એવો આરંભ કરવો ને સુકવણી કરવી ઠીક લાગતી નથી. વળી ચોમાસામાં તો તેમાં લીલ-ફૂલ થવા સંભવ હોવાથી ત્યાજ્ય છે. પરંતુ વિકૃતિ કમી કરનાર છે તે કારણથી તેમજ લીલોતરીના ત્યાગીને શાક તેમજ અથાણા માટે તેની આવશ્યકતા રહે છે એટલે વિવેક જાળવીને જે કરવું ઘટે તે કરે. લાભ-ટોટાનો વિચાર કરવો તે જૈનોનું કર્ત્તવ્ય છે.

**પ્રશ્ન ૩૦**—હિંસા કરવાનો અભ્યાસ પડી જવાથી એવા હિંસક મનુષ્યના અધ્યવસાય બહુ ક્રૂર હોતા નથી, તેથી શું તેને પાપ ઓછું બંધાય છે ?

**ઉત્તર**—અભ્યાસ પડી ગયો છે તેજ તેના આત્માને મહાભારભૂત છે, તેથી તેના અધ્યવસાયમાં મંદતા સમજી પાપબંધ ઓછો થાય એમ ધારવું નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યવસાયે બંધ એ ખરી વાત છે, જેમ ત્યાગ કરનાર તે વસ્તુને ભોગવે ત્યારે જેવા કલીષ્ટ કર્મ બાંધે છે તેવા અત્યાગી કલીષ્ટ કર્મ બાંધતો નથી તેથી આ બાબતમાં કાયમના હિંસકને ઠીક ન કહેતાં બીજી રીતે આ બાબત વિચારણીય છે તેથી જ ચોથા વ્રતનો ભંગ કરનાર મુનિને સમકિતના મૂળમાં અગ્નિ મૂકનાર કહ્યો છે.

**પ્રશ્ન ૩૧**—સંમૂર્છિમ તિર્યંચ પંચેંદ્રિય જે મોટા શરીરવાળાને મોટા આયુષ્યવાળા હોવાનું જીવવિચારાદિમાં કહ્યું છે, તેની ઉત્પત્તિ શેમાં થતી હશે? શું ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિયના મળમૂત્રાદિમાં થતી હશે?

**ઉત્તર**—એની ઉત્પત્તિ પ્રાયે અઢીદ્વીપની બહાર કહેલી છે કે જ્યાં સ્થિર જ્યોતિષી હોવાથી શીત કે ઉષ્ણપણું કાયમ ટકી રહે છે. તેવા સ્થાનમાં થવા સંભવ છે. તેમાં ગર્ભજના મળમૂત્રાદિના અંશો હોવાનો પણ સંભવ છે, પરંતુ સંમૂર્છિમ મનુષ્યપંચેંદ્રિયની જેમ તેના ચૌદ સ્થાન કહેલા નથી અને તેના મળમૂત્રાદિમાં તો પ્રાયે વિકળેંદ્રિયો ઉત્પન્ન થતા જણાય છે. મનુષ્યલોકમાં પણ દેડકા વિગેરે સંમૂર્છિમ તિર્યંચપંચેંદ્રિયની ઉત્પત્તિ જણાય છે પરંતુ તેવા મોટા શરીરવાળાની ઉત્પત્તિ જણાતી નથી. જળચર માટે તો સમુદ્રોમાં અનેક સ્થાનો સંમૂર્છિમની ઉત્પત્તિના સંભવે છે. સંમૂર્છિમ મત્સ્યો તો અહીં પણ અમુક પદાર્થોના સંયોગે ઉત્પન્ન થાય છે. આ બાબત શાસ્ત્રાધારે વિચારણીય છે.

સં. ૧૯૮૯ શ્રાવણ વદિ ૯ — કુંવરજી આણંદજી

## સદ્દગુણાનુરાગીનો વિરહ

મુનિરાજશ્રી કર્પૂરવિજયજી જેઓ સિદ્ધક્ષેત્રમાં થોડા વખત પહેલાં કાળધર્મને પામ્યા છે, તે પૂજ્ય પુરુષ સંબંધી ભક્તિભાવથી કાંઇક લખવાની મરજી થતાં જો કે લેખો લખવાની મને ટેવ નથી તોપણ નીચે પ્રમાણે મારો ભાવ વ્યક્ત કરું છું.

એ મુનિરાજના વીરમગામના આશરે સંવત ૧૯૫૨ની સાલના ચોમાસાથી હું તેઓશ્રીની પાસે મારા સ્વર્ગસ્થ પૂજ્ય પિતાશ્રીની સાથે વંદનાર્થે જતો ત્યારથી ઓળખવાનું મને સદ્દભાગ્ય પ્રાપ્ત થયેલું. અને ત્યારપછી વખતોવખત તેમના પરિચયમાં આવવાનો લાભ મને મળેલો. મારા પરિચય પૈકી બે પ્રસંગો આપું છું.

એક બનારસ પાઠશાળાના હિત માટે તેઓશ્રીને વિનંતિ કરીને મોકલ્યાનો પ્રસંગ છે. તેમાં બીજાઓનું હિત કરવાની પોતાની તીવ્ર ઇચ્છા છતાં પોતાનું કર્તવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેશ પણ આછું નહીં કરવાની દઢતાનો યોગ જે મેં જોયેલો તે હાલ પણ મને યાદ આવતાં તેઓશ્રી પ્રત્યે મારે પૂજ્યભાવ ઉત્પન્ન કરે છે.

બીજો પ્રસંગ સને ૧૯૩૨માં હું વિલાયત ગયો તે વખતે સિદ્ધગિરિ તીર્થના દર્શન કરવા ગયેલો અને પૂજ્ય મહાત્મા ત્યાં બિરાજતા હતા. તેમની પાસે દર્શનાર્થે ગયેલો ત્યારે તેઓશ્રીએ ધર્મ-ભાવનાને કોઈ પણ રીતે પરદેશ-ગમનથી બાધ નહીં લાવવા પણ સુદ્રઢ કરવાનો ઘણો ઉત્તમ ઉપદેશ આપેલો અને અવકાશે નવ સ્મરણ ગણવાની અને નવપદજીની પૂજા વાંચવાની ઘણી જ ભાવવાહી સૂચના કરી, બંને નાની પુસ્તિકાઓ મને આપેલી. તે પ્રસંગે મારા પર “ મુનિવર પરમ દયાળ અને પરમ ઉપકારી હોય છે ” તેની સરસ છાપ પડેલી.

ટૂંકાણમાં મુનિરાજ અને મહાત્મા શબ્દોના ખરા અર્થમાં સદ્‌ગત પુણ્યાત્મા હતા અને અત્યંત ત્યાગ વૈરાગ્યની મૂર્તિ સમા હતા. લોકો પર એના ત્યાગ વૈરાગ્યની ઘણી જ ઊંડી અને સરસ છાપ પડતી. પુદ્‌ગળ અને આત્માના વિવેકમાં તેઓ હમેશાં જાગૃત હતા અને જગતની બીજી જંજાળની સાથે તેઓ મુદ્દલે ભળતા કે લેપાતા નહીં. પણ હમેશા જ્ઞાનધ્યાનમાં કે આત્મ-ધ્યાનમાં મશગૂલ રહેતા. જૈન-શાસ્ત્રમાં મુનિઓના જે જે નામો, લક્ષણો તથા વિશેષણો આપેલાં છે તેને પૂજ્ય મહાત્માના જીવનમાં આપણે બહુ સારી રીતે જોઈ શકતા હતા. આખા જીવનમાં પોતાનો તેમજ સાથે બીજા જીવોનો અનેક રીતે ઉપકાર કરવામાં ઉદ્યમી હતા. “ ગોયમ મ કર પ્રમાદ, ક્ષણ લાખેણી જાય ” એ મહાવીરના વચનો તેમણે પોતાના જીવનમાં વણી નાખેલા માલમ પડતા હતા.

સદ્‌ગત મુનિમાર્ગના ભારે ઉપાસક હતા. અને તેમના જીવનથી મુનિમાર્ગ વિષે જીવોને ખૂબ પૂજ્યબુદ્ધિ અને આદર ઉત્પન્ન થતા હતા. આવા કાળમાં ઉત્તમ મુનિજીવન ગાળનારા સંતો ઓછા દેખાય છે તેવા કાળમાં આ મહાત્માના વિરહથી ખાસ કરીને જૈન સમાજને અને સામાન્ય રીતે તો સર્વને ભારે ન પૂરાય તેવી ખોટ પડી છે.

એ ધર્માત્મા જૈન-ભિક્ષુનું જીવન નજરમાં રાખી આપણે સહુ બની શકે તેટલું જીવનમાં ઉતારીએ તો તે સદ્‌ગતની ખરેખરી પૂજા-ભક્તિ છે. અને તેમ કરીને આત્મકલ્યાણ સાધવા સૂચન યાને પ્રાર્થના છે. તેઓ પોતાનો જીવન-પંથ અનેક પ્રકારે ઉજાળી ગયા છે. તેમનું યથાશક્તિ અનુકરણ કરવા અને પોતાના જીવનપંથમાં શુદ્ધિ કરી ઉજાળવામાં ઉદ્યમવંત થવા તેમનું જીવન સહુ કોઈને પ્રેરણા આપો એમ અંતઃકરણથી ઈચ્છું છું.

પરીખ છોટાલાલ ત્રીકમલાલ વકીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી :: સિંદૂર પ્રકર :

## સમશ્લોકી ભાષાંતર (સભાવાર્થ)

### (૯) પરિગ્રહદ્વાર

શાર્દૂલવિક્રીડિત

કાલુષ્ય પ્રગટાવતું જડતાનું. ધર્મદ્રુ ઉન્મૂલતું,
પીડંતું કરુણા-ક્ષમા કમલિની, લોભાબ્ધિ ઉલ્લાસતું;
મર્યાદાતટ તોડતું, શુભ મનઃ સદ્દ્હંસ નિર્વાસતું,
એવું પૂર પરિગ્રહાત્મનદીનું શું ક્લેશ ના આપતું? ૪૧.

**ભાવાર્થ**—જે જડનું (અથવા જલનું) કલુષપણું-ડહોળાપણું કરે છે, ધર્મવૃક્ષને જડમૂળથી ઉખેડી નાંખે છે, નીતિ-દયા-ક્ષમારૂપ કમલિનીને પીડે છે, લોભ-સમુદ્રને ઉલ્લસાવે છે, મર્યાદારૂપ તટ તોડી નાંખે છે, શુભ મનરૂપ હંસને પ્રવાસી કરે છે-એવું પરિગ્રહનદીનું પૂર શું શું ક્લેશ નથી કરતું?

અહીં પરિગ્રહને નદીના પૂરનું રૂપક આપ્યું છે. જ્યારે નદીમાં પૂર આવે છે ત્યારે જલ (પાણી) ડોળું થઈ જાય છે, તે જ પ્રકારે જ્યારે પરિગ્રહનું પૂર વધે છે, ત્યારે જડ (મંદમતિ) મનુષ્યનું મન કલુષ-ડોળું થઈ જાય છે. અત્રે કવિએ જડ શબ્દ ઉપર શ્લેષ-દ્વિઅર્થી શબ્દપ્રયોગ કર્યો છે. પરિગ્રહથી મનુષ્યનું મન મલિન થાય છે, કારણ કે તેની પ્રાપ્તિની અને રક્ષણની ચિંતામાં તેનું ચિત્ત અહોનિશ વ્યગ્ર રહ્યા કરે છે; તેથી આર્ત્ત-રૌદ્રધ્યાન થાય છે અને તેથી કરીને અંતરાશયની મલિનતા ઉપજે છે.

નદીનું પૂર કિનારા પથના વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાંખે છે તેમ પરિગ્રહનદીનું પૂર ધર્મરૂપ વૃક્ષને ઉખેડી નાંખે છે. પરિગ્રહ પૂરના પ્રબળ પ્રવાહમાં તણાતો મનુષ્ય ધર્મને આરાધવો તો દૂર રહ્યો પણ અત્યંતપણે વિરાધે છે; કારણ કે પરિગ્રહની પ્રાપ્તિ અર્થે નાના પ્રકારના પાપી સાધનોનો આશ્રય કરવો પડે છે, નાના પ્રકારના આરંભ-સમારંભ કરવા પડે છે, કર્માદાની વ્યવસાયો સેવવા પડે છે ઇત્યાદિ પ્રકારે ધર્મની વિરાધના થાય છે.

નદીમાં પૂર આવે છે ત્યારે સાગરમાં જળવૃદ્ધિ થાય છે, ભરતી આવે છે; તે જ પ્રમાણે જેમ જેમ પરિગ્રહ નદીનું પૂર વધતું જાય છે, તેમ તેમ લોભ-સાગરના પાણી ઊંચા ચડે છે. જેમ જેમ લાભ મળે છે તેમ તેમ વિશેષ પરિગ્રહ માટે જીવનો લોભ જાગ્રત થતો જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई । "

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.

નદીનું પૂર કોમળ કમલિનીઓનો કચ્ચરઘાણ કાઢી નાંખે છે, તેમ પરિગ્રહપૂર દયા–ક્ષમા–નીતિની કોમલ ભાવનારૂપ કમલિનીઓને પીલી નાંખે છે–ચગદી નાંખે છે. તાત્પર્ય કે પરિગ્રહના પૂરમાં ઘસડાતા માનવ નીતિને ભૂલી જાય છે, દયાને તિલાંજલિ આપે છે, ક્ષમાનો ત્યાગ કરે છે.

નદીનું પૂર કાંઠાને તોડી નાંખે છે, તેમ પરિગ્રહનદીનું પૂર ઉચિત મર્યાદારૂપ કાંઠાને તોડી નાંખે છે. સુભૂમ નામનો ચક્રવર્તી છ ખંડ સાધી તૃપ્ત ન થતાં, દ્રવ્ય–ક્ષેત્રાદિની મર્યાદા ઉલ્લંઘીને ધાતકીખંડના છ ખંડ સાધવાને તત્પર થયો અને પરિણામે ચર્મરત્ન સમુદ્રમાં ડૂબતાં, સૈન્ય સહિત ડૂબી જઇને તે સાતમી તમતમપ્રભા નરકમાં ગયો. આ શાસ્ત્રપ્રસિદ્ધ દષ્ટાંત છે.

પરિગ્રહનું પૂર શુભ મનરૂપ હંસને દૂર પ્રવાસી કરે છે; એટલે કે પરિગ્રહની જંજાળમાં પડેલા મનુષ્યના મનઃપરિણામ શુભ રહેતા નથી, મલિન થઇ જાય છે.

ટૂંકામાં પરિગ્રહસરિતાનું પૂર વૃદ્ધિ પામતાં શું શું કલેશ નથી ઉપજાવતું? ૪૧.

માલિની

**કલહ–કરિનું વિંધ્ય, ક્રોધ–ગીધ શ્મશાન,**
**દુઃખ–અહિ દર દ્વેષાસુર રાત્રિ સમાન;**
**સુકૃત–દવ, મૃદુતા–મેઘ પ્રત્યે પ્રવાત,**
**હિમ નય–કમલોને હોય અર્થાનુરાગ. ૪૨.**

**ભાવાર્થ**—અર્થની પ્રીતિ કલહરૂપ ગજને વિંધ્યાદ્રિરૂપ છે, ક્રોધરૂપ ગીધનું શ્મશાન છે, દુઃખરૂપ સર્પને રહેવાનું દર છે, દ્વેષ–પિશાચને ભમવા માટે રાત્રિ છે, પુણ્યરૂપ અરણ્યને દાવાનળ છે, મૃદુતારૂપ મેઘને વિખેરવા પ્રચંડ વાયુ છે અને નયરૂપ કમળને કરમાવવા હિમરૂપ છે.

અર્થનો–ધનનો અનુરાગ કેવા કેવા અનર્થો નીપજાવે છે તે આ શ્લોકમાં વિવિધ રૂપકદ્વારા પ્રકાશિત કર્યું છે.

અર્થાનુરાગ કલહરૂપ ગજબાલને વિંધ્યાદ્રિરૂપ છે. ધનને માટે અને ઉપલક્ષણથી અન્ય પરિગ્રહને માટે નાના પ્રકારના ઝઘડા ઊભા થાય છે, એ આપણો દૈનિક અનુભવ છે. " જર જમીન ને જોરુ, એ ત્રણે કજીયાના છોરુ." એ લોકોક્તિ પ્રસિદ્ધ છે. ધનના સ્વાર્થમાં અંધ બનેલા સગા ભાઇ પણ માંસના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટુકડામાં લુબ્ધ થયેલા કૂતરાની જેમ પરસ્પર લડે છે. જાતજાતના કુટુંબક્લેશ, કોર્ટે દાવા આદિ અર્થાનુરાગના પ્રત્યક્ષ અનુભાવરૂપ છે.

શ્મશાનમાં જેમ મૃતકરૂપ ખાદ્ય માટે ગીધડાં ટોળે વળે છે, તેમ અર્થાનુરાગરૂપ શ્મશાનમાં ક્રોધરૂપ ગીધની મેદની જામે છે. અર્થાત્ અર્થપ્રીતિ ક્રોધકષાયની ઉત્પત્તિભૂમિ છે. અર્થની પ્રાપ્તિ અર્થે, વૃદ્ધિ અર્થે અને સંરક્ષણ અર્થે અનેક ક્રોધપ્રસંગો ઉપસ્થિત થાય છે.

અર્થાનુરાગ દુઃખરૂપ ભુજંગનું દર છે. અર્થાસક્તને નાનાવિધ આપત્તિ વ્હોરવી પડે છે; ધનને અર્થે તે અનેક પ્રકારના કષ્ટ ઉઠાવે છે, નથી દેખતો ભૂખનું દુઃખ કે તૃષાની પીડા; નથી લેખતો ટાઢ કે તડકો; નથી જોતો રાત કે દિવસ; તે તો આંખો મીંચીને અર્થોપાર્જનમાં મંડ્યો રહી આધિ, વ્યાધિ અને ઉપાધિનું પાત્ર બને છે.

અર્થ આદિ પરિગ્રહની પ્રીતિ દ્વેષરૂપ નિશાચરને રાત્રિ સમાન છે. રાત્રિને વિષે જેમ નિશાચરોને ભમવું અનુકૂળ થઈ પડે છે, તેમ અર્થપ્રીતિરૂપ રાત્રિમાં દ્વેષ–પિશાચને ભટકવાનું સરળ થઈ પડે છે. જ્યાં રાગ છે ત્યાં તેનો અનુજ દ્વેષ હોય છે એ સિદ્ધાંતાનુસાર, જ્યાં અર્થાનુરાગ હોય છે ત્યાં તે અર્થસાધનમાં વિઘ્નરૂપ–આડખીલી રૂપ થનાર પ્રત્યે દ્વેષનો ઉદ્ભવ થાય જ છે.

અર્થપ્રીતિ પુણ્યરૂપ વનને દાવાનલ સમાન છે. જેમ દાવાનલથી વનના વન બળીને ભસ્મ થઇ જાય છે, તેમ અર્થપ્રીતિરૂપ દાવાનલથી પુણ્યવન ભસ્મીભૂત થાય છે, કારણ કે ધનાંધ મનુષ્યમાં વિવેક રહેતો નથી, અને તેથી તે નાના પ્રકારના પાપ કરીને અર્થોપાર્જનમાં રચ્યોપચ્યો રહે છે અને તે આડે એને કંઇ પુણ્યકાર્ય સૂઝતું નથી. એટલે પ્રાચીન સુકૃત ખવાઈ જાય છે, નવીન થતા નથી અને પાપની કમાણી વધતી જાય છે.

અર્થાનુરાગ મૃદુતારૂપ મેઘને વિખેરવા પવનરૂપ છે. અર્થાનુરાગીમાં મૃદુતા–નમ્રતા રહેતી નથી; ધનમદને લઈને તે પાષાણસ્તંભની જેમ સ્તબ્ધ–અક્કડ રહે છે, તેના હૃદય પર લાગેલું 'સ્તબ્ધચિત્ત વિલેપન' કદી સૂકાતું નથી, જાણે નભમાં નક્ષત્ર નિહાળતો હોય એમ તે છાતી કાઢીને ચાલે છે.

હિમ પડવાથી જેમ કમળ બળી જાય છે, તેમ અર્થાનુરાગરૂપ હિમથી નીતિરૂપ કમળો બળી જાય છે; કારણ કે અર્થાસક્તને કુનયવંત સાધનોની ઉપાસના કરવી પડે છે. ૪૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાર્દૂલવિક્રીડિત

શત્રુ જે શમનો, સખા અધૃતિનો વિશ્રામ જે મોહનો,
ખાણી પાપની આપદા-પદ અને આરામ દુર્ધ્યાનનો;
ને વ્યાક્ષેપ નિધાન, મંત્રી મદનો, જે હેતુ છે શોકનો,
કેલિધામ કલીનું તે પરિગ્રહ ત્યાગે વિવેકી જનો. ૪૩

**ભાવાર્થ**—જે પ્રશમનો શત્રુ છે, અધૃતિનો મિત્ર છે, મોહની વિશ્રામભૂમિ છે, પાપની ખાણ છે, આપદાનું સ્થાન છે, દુર્ધ્યાનનું ક્રીડાવન છે, વિક્ષેપનું નિધાન છે, મદનો મંત્રી છે, શોકનો હેતુ છે અને કલહનું ક્રીડાગૃહ છે, એવો પરિગ્રહ વિવેકીએ ત્યજવા યોગ્ય છે.

વળી આ શ્લોકમાં પરિગ્રહના દોષનું વર્ણન કરી તેનું ત્યાજ્યપણું દર્શાવે છે. પરિગ્રહ પ્રશમનો શત્રુ છે. પ્રશમ એટલે કષાયની ઉપશાંતતા અથવા આત્મશાંતિ. પરિગ્રહની જાળમાં ફસાયેલા જીવને આત્મશાંતિ હોવી અતિ દુર્લભ છે, તેને ક્રોધાદિ કષાયની પ્રબળતા વર્તે છે.

પરિગ્રહ અધૃતિનો-અધીરજનો મિત્ર છે. પરિગ્રહવંતને કોઈ પણ પ્રકારે ધીરજ રહેતી નથી; તેનું ચિત્ત સદોદિતપણે પરિગ્રહના ઉપાર્જન, વર્ધન અને સંરક્ષણમાં વ્યગ્ર રહ્યા કરે છે. હાય ! આ મ્હારો પરિગ્રહ કોઈ લઈ જશે તો ! એમ તે સતત ભયાન્વિત વર્ત્યા કરે છે. શ્રી **ઉપમિતિ**ના કર્ત્તાએ લાક્ષણિક શૈલીથી દર્શાવ્યું છે તેમ **નિષ્પુણ્યક રંક** જેવો નિકૃષ્ટ ભિખારી પણ ઇંદ્ર જેવા તરફથી આશંકા રાખે છે કે રખેને આ મ્હારું ભિક્ષાભાજન પડાવી લેશે તો !!

**" આ લઈ લેશે એમ સશંક, શક્રથી ય શંકે તે રંક ! "**

ઉ. ભ. કથા, પ્ર. ૧, શ્લો૦ ૧૩૨.

પરિગ્રહ મોહની વિશ્રાંતિભૂમિ છે. મોહથી મનુષ્યની મતિ મૂંઝાઈ જાય છે; સારાસારનો, સત્યાસત્યનો, તત્ત્વાતત્ત્વનો વિવેક રહેતો નથી; એટલે પરિગ્રહના પ્રતિબંધથી મોહમૂઢ થયેલો જીવ ભવચક્રમાં ભમ્યા કરે છે.

પરિગ્રહ પાપની ખાણ છે. ખાણ ખોદતાં જેમ આરો આવતો નથી અને ઊંડા ને ઊંડા ઉતરવું પડે છે, તેમ પરિગ્રહને અવગાહતાં આરો આવતો નથી અને પાપની ખાડમાં ઊંડા ને ઊંડા ઊતરવું પડે છે; કારણ કે પરિગ્રહનિમિત્તે વિવિધ પ્રકારના આરંભ-સમારંભ કરવા પડે છે અને તેથી પાપનો પુંજ એકત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. કોશેટાનો કીડો જેમ પોતે પોતાને વિંટે છે. તેમ આરંભજન્ય પાપથી પરિગ્રહવંત પોતે પોતાને વિંટતો જાય છે. કહ્યું છે કે:—

" हिताहितविमूढात्मा स्वं शश्वद्वेष्टयेद् गृही ।
अनेकारम्भजैः पापैः कोशकारः कृमिर्यथा ॥ "

—શ્રી જ્ઞાનાર્ણવ.

પરિગ્રહ આપદાનું સ્થાન છે, અને આર્ત્તરૌદ્રધ્યાનનું ક્રીડાવન છે. '**ऋते भवमिति आर्त्त**' ઋત દુઃખને લઇ ઉપજતું ધ્યાન તે આર્ત્તધ્યાન કહેવાય છે. ઇષ્ટના વિયોગથી, અનિષ્ટના સંયોગથી, રોગની આપત્તિથી અને ભાવિ ભોગની કામનારૂપ નિદાનથી આર્ત્તધ્યાન ઉપજે છે. તથા રૂદ્ર ભાવને લઇ ઉપજતું દુર્ધ્યાન તે રૌદ્રધ્યાન કહેવાય છે. હિંસાનંદથી, મૃષાનંદથી, ચૌર્યાનંદથી અને વિષયસંરક્ષણજન્ય આનંદથી રૌદ્રધ્યાનની ઉત્પત્તિ થાય છે. પરિગ્રહને અંગે આ બન્ને પ્રકારના દુર્ધ્યાનના અનેક પ્રસંગો ઉભા થાય છે.

વળી પરિગ્રહને અંગે અનેક પ્રકારના વિક્ષેપ ઉત્પન્ન થાય છે. સ્વાર્થમાં લેશ પણ ક્ષતિ થતાં સગાસગામાં પણ જે વિક્ષેપ-અણબનાવ નિપજે છે, તેનું કારણ પરિગ્રહ અને તેની મૂર્ચ્છા છે. નાના પ્રકારના ઝઘડા, નાના પ્રકારના કુસંપ અને નાના પ્રકારના વિસંવાદનું મૂળ નિદાન પરિગ્રહ છે.

પરિગ્રહ મદનો મંત્રી છે. પરિગ્રહની પ્રાપ્તિથી પામર મનુષ્ય મદમાં આવી જઇ મર્કટ-વાંદરાની જેમ નાચવા માંડે છે અને જેમ મદિરામાં મસ્ત થયેલો વિવેક ભૂલી જાય છે, તેમ મદ-મદિરાથી મસ્ત બનેલો તે વિવેકભ્રંશ દર્શાવી પોતાની તુચ્છ પામરતાનું પ્રદર્શન કરે છે.

પરિગ્રહ શોકનો હેતુ છે. જે પરિગ્રહ જીવે મહાશ્રમ ઉઠાવી ભેગો કર્યો હોય છે, તે જ્યારે ચાલ્યો જાય ત્યારે તેના હૃદયને ભારે આઘાત લાગે છે, અને તે શોકાતુર થઇ પોક મૂકીને રડે છે. જે પરિગ્રહને મનુષ્ય પરમ પ્રેમે સાચવી રાખે છે, તે જ પરિગ્રહ દગલબાજ ખલજનની જેમ કૃતઘ્ન થઇ, તેના હૃદયમાં દાહ ઉપજાવીને ચાલ્યો જાય છે; મનુષ્ય પરિગ્રહને છોડે કે ન છોડે, પણ પરિગ્રહ તો તેને છોડી જાય છે. તે માટે કહ્યું છે કે:—

" यास्यन्ति निर्दया नूनं यद्दत्वा दाहमूर्जितम् ।
हृदि पुंसां कथं ते स्युस्तव प्रीत्यै परिग्रहः ? ॥ "

—શ્રી જ્ઞાનાર્ણવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિગ્રહ કલહનું ક્રીડા ધામ છે, જગતના સર્વ ઝગડા તેને લઇને છે. આવો જે પરિગ્રહ છે તેનો વિવેકવંત ત્યાગ કરવા યોગ્ય છે.

શાર્દૂલવિક્રીડિત

**કાષ્ઠોથી જયમ અગ્નિ તૃપ્ત ન થતો ને નીરધિ નીરથી,**
**લોભી તેમ ઘણા ઘણા ધનથીયે ના તુષ્ટ કો રીતથી;**
**તે ના આમ વિભાવતો " વિભવ સૌ મૂકી બીજા જન્મમાં "**
**જાયે આ જીવ, તેથી ફોગટ જ હું ઝાઝા કરું પાપ કાં. ૪૪**

**ભાવાર્થ:**—અગ્નિ જેમ ઇંધનથી તૃપ્ત થતો નથી, સાગર જેમ જળથી તૃપ્ત થતો નથી, તેમ લોભી જીવ ઘણા ઘણા ધનથી પણ સંતુષ્ટ થતો નથી અને તે આમ વિચારતો નથી કે—" સર્વ વૈભવ અહીં જ મૂકી દઇને આ જીવ બીજા જન્મમાં ચાલ્યો જાય છે, તો પછી હું ફોગટ જ શા માટે આટલા બધાં પાપ કરું ? "

જેમ કાષ્ઠથી અગ્નિ તૃપ્ત નથી થતો અને જળથી જેમ સમુદ્ર તૃપ્ત નથી થતો, તેમ લોભી જીવ ઘણા ઘણા ધનથી પણ સંતોષાતો નથી. લોભની અગ્નિ અને સાગર સાથે સરખામણી કરી છે તે સર્વથા યથાર્થ છે; કારણ કે જેમ જેમ ઇંધન મળતું જાય છે તેમ તેમ અગ્નિ વિશેષ ને વિશેષ પ્રજ્વલિત થતો જાય છે; તે જ પ્રકારે લોભ પણ જેમ જેમ લાભ મળે છે તેમ તેમ વધતો જાય છે. તેમજ સાગરના ઉદરમાં જેટલું પાણી પડે તેટલું ઓછું છે, સાગર કોઇ રીતે ધરાતો નથી; તે જ રીતે લોભસમુદ્ર ત્રૈલોક્યના રાજ્યથી પણ પૂરાતો નથી. લોભ—તૃષ્ણાની વિચિત્રતાને અંગે **શ્રીમદ્ રાજચંદ્રે મોક્ષમાળામાં** કહ્યું છે કે:—

**" હતી દીનતાઇ ત્યારે તાકી પટેલાઇ અને.**
**મળી પટેલાઇ ત્યારે તાકી છે શેઠાઇને;**
**સાંપડી શેઠાઇ ત્યારે તાકી મંત્રિતાઈ અને,**
**આવી મંત્રિતાઇ ત્યારે તાકી નૃપતાઇને;**
**મળી નૃપતાઇ ત્યારે તાકી દેવતાઇ અને,**
**દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઇને;**
અહો ! રાજ્યચંદ્ર માનો માનો શંકરાઈ મળી,
વધે તૃપણાઈ તોય જાય ન મરાઇને. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે લોભગ્રસ્ત જીવ આમ વિચારતો નથી કે—" આ આત્મા તો સર્વ વૈભવ અહીં જ મૂકી દઇને પરભવમાં સંચરે છે, તો પછી હું આટલા બધા પાપ શાને માટે કરું ? " જીવ ગમે તેટલો વૈભવ એકઠો કરે, પણ અંત-સમયે તો તે સર્વ અત્રે જ પડ્યો રહે છે. કંઇ પણ પરભવમાં સાથે જતો નથી, જેના પર તેની સૌથી વિશેષ મમતા છે એવો દેહ પણ અત્રે જ પડ્યો રહે છે; સાથે જાય છે માત્ર તેનું શુભાશુભ કર્મ. આ વિષે ઉ. **શ્રી વિનયવિજયજીએ પુણ્યપ્રકાશના** સ્તવનમાં પ્રકાશ્યું છે કે:—

**" પરિગ્રહની મમતા કરીજી, ભવભવ મેળી રે આથ;**
**જે જ્યાંની તે ત્યાં રહીજી, કોઈ ન આવી સાથ રે જિનજી !"**

અને તે વૈભવાદિ પરિગ્રહના ઉપાર્જનમાં જે કંઇ પાપ આ જીવ આચરે છે તેનું ફળ તેને એકલાને ભોગવવું પડે છે. વૈભવમાં સર્વ કોઇ ભાગીદારી ધરાવે છે, પણ પાપમાં કોઇ ભાગીદાર થતું નથી. આવો વિવેક-વિચાર પરિગ્રહ-મૂઢ જીવને સૂઝતો નથી.

હવે આ પરિગ્રહ શબ્દની વ્યાખ્યા વિચારીએ. એ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ સમજવા યોગ્ય છે. પરિ=ચોપાસથી ( all round )! ગૃહ = પકડવું, જકડવું, બાંધી રાખવું ( To seize, to take hold of ); આમ જે કંઇ વસ્તુ જીવને પકડી રાખે, જકડી રાખે, બંધનમાં રાખે, ચોપાસથી ઘેરી લે તે પરિગ્રહ.

પરિગ્રહ બે પ્રકારના છે: દ્રવ્ય અને ભાવ, અથવા બાહ્ય અને આભ્યંતર. બાહ્ય પરિગ્રહના દશ ભેદ છે: ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ ( ઘર વગેરે ), દ્વિપદ, ચતુષ્પદ, શયન, આસન, યાન ( વાહન ) અને કુપ્ય-ભાંડ ( ઠામવાસણ વગેરે ), આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે: ૧ મિથ્યાત્વ, ૩ વેદ, ૬ હાસ્યાદિ નોકષાય અને ૪ ક્રોધાદિ કષાય.

**" मिथ्यात्ववेदरागादोषा हास्यादयोऽपि षट् चैव ।**
**चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यंतरा ग्रंथाः ॥ "**

**—શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય.**

સંક્ષેપમાં કહીએ તો આત્માના સત્સ્વરૂપથી વ્યતિરિક્ત એવી જે કાંઇ વિભાવિક પરિણતિ તે અંતરંગ પરિગ્રહ છે. કારણ કે મુખ્યપણે તે વિભાવ જ જીવને બંધનમાં રાખનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર, મિત્ર, કલત્ર, ધન, ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ વિષયકષાયરૂપ અંતરંગ પરિગ્રહના નિમિત્તભૂત થઈ તેની અભિવૃદ્ધિ કરે છે. તેનું પરિપોષણ કરે છે; તેમજ અંતરંગ પરિગ્રહની પ્રેરણાથી જીવ બહિરંગ પરિગ્રહનું સેવન કરે છે, તેમાં આત્મભાવ કરે છે, તેની વૃદ્ધિ કરે છે. આમ એ બન્નેનો પરસ્પર ઉપકારી અને સહકારી સંબંધ છે.

પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છા છે. **मूर्च्छा लक्षणं परिग्रहस्य।** એ શ્રી **તત્ત્વાર્થ-સૂત્રનું** પ્રસિદ્ધ વચન છે. મૂર્ચ્છા એટલે આસક્તિ, મમત્વ, મ્હારાપણું, મ્હારું ઘર, મ્હારા બંધુઓ, મ્હારા સ્નેહીઓ, મ્હારા સેવકો ઇત્યાદિ. ભાવ પરિગ્રહના સૂચક છે મ્હારા શિષ્યો, મ્હારા ચેલાઓ, મ્હારા શ્રાવકો, મ્હારા ભક્તો, મ્હારો ઉપાશ્રય, મ્હારા વસ્ત્ર-પાત્ર આદિ. ભાવ પણ અંતરંગ મમત્વ હોય તો પરિગ્રહ સૂચવે છે, એટલું જ નહિં પણ ગ્રંથ ( પુસ્તક ) આદિ જ્ઞાનોપકરણ પર પણ જો મુનિ મમત્વ દાખવે અથવા કોઈ પણ પ્રકારનો સીધો કે આડકતરો માલીકી હક્ક ધરાવે, તો તે પણ પરિગ્રહધારીપણું કરે છે. જૈન પરિભાષામાં મુનિ માટે '**નિર્ગ્રંથ**' શબ્દનો ખાસ પ્રયોગ કરવામાં આવ્યો છે, તે પણ મુનિના નિષ્પરિગ્રહીપણાનું ગૌરવ સૂચવવા માટે છે. કારણ કે બાહ્ય-અભ્યંતર ગ્રંથ-પરિગ્રહથી રહિત તે **નિર્ગ્રંથ.**—આમ સામાન્ય વ્યાખ્યા થઈ.

સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે-**मुच्छा परिग्गहो वुत्तो. नायपुत्तेण तायिना**=રક્ષક એવા જ્ઞાતપુત્રે—શ્રી મહાવીર પરમાત્માએ મૂર્ચ્છાને જ પરિગ્રહ કહેલ છે. આ હકીકત મુનિએ ખાસ ધ્યાનમાં રાખવી.

ઉપરના શ્લોક-ચતુષ્ટયનો સાર:—

માલિની

પરિગ્રહનદીપૂર ક્લેશ શું શું કરે ના?
વળીય શું શું અનર્થો અર્થપ્રીતિ કરે ના?
પરિગ્રહ કલહોનું ગેહ ત્યાગે વિવેકી.
જલથી જલધિ જ્યું તે તૃપ્ત ના એમ દેખી.

॥ इति परिग्रहद्वारम् ॥

—ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અભયકુમાર

( અનુસંધાન પૃષ્ઠ ૩૩૨ થી )

First in war, First in peace;
First in the heart of his people.

ઉપરોક્ત આંગ્લ ઉક્તિનો ભાવ અભયકુમારના જીવનને આબાદ બંધબેસતો આવે છે. જે કાળની વાત કરી રહ્યા છીએ એ કાળે ભારતવર્ષમાં વિશાલાપતિ ચેટકભૂપનું રાજ્ય નાનુસૂનું નહોતું. મલ્લકી ને લચ્છકી જાતિના અઢાર ગણ રાજ્યોમાં એ જબરું પ્રભુત્વ ધરાવતા. આમ છતાં મગધની કીર્તિ અનોખી હતી. રાજગૃહીનો માનમોભો અને યશગાથા દૂર સુધી પથરાયેલાં હતાં. એમાં રાજવી શ્રેણિકનો રાજ્યકાળ મુખ્ય ભાગ ભજવે છે અને એનો ઘણોખરો યશ પુત્ર ને મંત્રી એવા અભયની કાર્યદક્ષતા ને વ્યવસ્થિત રાજ્યનીતિને આભારી છે. મોગલ સામ્રાજ્યનો સુવર્ણકાળ જેમ મહાન્ અકબરના સમયમાં દૃષ્ટિગોચર થાય છે તેમ મગધનું કીર્તિકેન્દ્ર બિંબિસારનો રાજ્ય કાળ છે. અકબરની પ્રતિભામાં મંત્રી બીરબલ આદિ કેટલાકનું નિષ્ઠાપૂર્વક બજાવાયેલું કાર્ય ઊડીને આંખે વળગે છે તેમ શ્રેણિકનૃપની પ્રતિભામાં મંત્રી અભયનું કાર્ય જણાય છે. બુદ્ધિ–કળા કે રાજ્યકૌશલ્ય કિંવા આંટીઘુંટીના પ્રશ્નોમાં અભયમંત્રી અને બીરબલનો પ્રભાવ હારોહાર બેસે છે. ઉભયના જીવન સાથે સંખ્યાબંધ આખ્યાયિકાઓ બુદ્ધિપ્રગલ્ભતાના ચમકારા દર્શાવતી જોડાયેલી છે. અત્રે એનો વિસ્તાર ન કરતાં એ સબંધી કેટલીક ઊડતી નોંધ લઇ કેટલાક અગ[illegible] સૂચક ઈસારા કરી આગળ વધીએ.

વણિકતનયા સુનંદાનો એ પુત્ર રાજ[illegible] પ્રજા રૂપ શૃંખલાને જોડતા મધ્ય અંકો[illegible] રૂપ હતો. લડાઇ કે સુલેહ એ ઉભ[illegible] પ્રસંગોમાં શ્રેણિકનૃપને પુત્ર અભયની સલાહ અતિ અગત્યની થઇ પડતી. એની [illegible] દોરવણીએ મગધ કીર્તિવંતું બન્યું હતું અને પિતા ઈપ્સિત કાર્યો નિઃશંકપણે કરી શક્યા છે. આમ છતાં પ્રજાને નથી તો વેઠવી પડી આપદાઓ કે નથી તો ભરવા પડ્યા ભારી કર–વેરાઓ. એનું કારણ પણ નિષ્ણાત મહામંત્રીના કાર[illegible] ભારમાં જ સમાય છે.

પ્રભુ શ્રી મહાવીર એનામાં સમકિતના સડસઠ પ્રકારમાંનું પ્રથમ દ્રઢપણું ઠાણવે છે. અર્થાત્ શ્રદ્ધાના ચાર ભેદમાંનો પહેલો ભેદ અભયકુમારમાં દ્રઢ હતો. શાસ્ત્રકાર એની બુદ્ધિને દીર્ઘદર્શિતાવાળી બતાવે [illegible] અને વાત પણ સાચી છે. તર્કશક્તિ[illegible] ભાવિ અવલોકન કે હાજરજવાબીનાં સંખ્યાબંધ પ્રસંગો મંત્રી અભયના ચરિત્રમાંથી ઉધ્ધૃત કરી શકાય છે. પ્રજાનો ગમે તેવો અટપટીયો પ્રશ્ન કે ગુંચવાયેલો કોયડો અભયકુમારની આંખે ચડતાં [illegible] ઉકલી જતો. પ્રજાના દિલમાં એનું સ્થા[illegible] મુદ્રિકા પ્રસંગે સ્થપાયું હતું.

વિચાર કરતાં અભયકુમારની પ્રકૃતિ[illegible] હનુમાનના પુચ્છ માફક લંબાવી શકા[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીન કાળના રાજવી શાંતનુ અને ભીષ્મપિતાની ઝાંખી કરાવતો એકાદ ંગ જોયા વિના આગળ ન જ વધાય. ણિકરાજને રાણીઓ એક કરતાં વધુ ી અને પુત્રો દશકો વીતાવી જતા, એમાં માત્ર એકલા અભયનું જ ાન અનોખું હતું. એ પુત્ર ઉપરાંત ત્ર ને સ્વામીનિષ્ઠ સેવકનો ભાગ જવતો. પાટવીકુંવર છતાં નથી એણે રાજ પદવી ભોગવી કે નથી એણે જગાદી લીધી. પિતાની કામનાપૂર્તિમાં ણે અંતરના મિત્ર જેવું કાર્ય બજાવ્યું . પોતાની માતાની ભક્તિ એણે વિમા- ઓને દુભવીને કે તેમના પ્રતિ ઊણપ ભેદનીતિ રાખીને દર્શાવી નથી. રાજવીને કાદ વાતનો મોહ કે મનોરથ થયો કે ભય પુત્ર છે એ વાત વિસરી જઈ ત જ તેને કહેવા એ દોડી જતા. થ મર્યાદાનું બંધન નડતું તો અભય પુત્રના હક્કથી નહિં તો મંત્રીના ધિકારથી જાણી લેતો અને જાણ્યા પછી ગમે તે ભોગે, અરે! જીવના જોખમે પૂર્ણ કરતો. એમાં સ્વજીવનસાર્થ- યાને ફરજ સમજતો. ભીષ્મપિતાએ ાના સુખ અર્થે આજીવન બ્રહ્મચર્ય કાર્યું. અભયકુમારના જીવનમાંથી સ્પષ્ટ ું તો નથી દેખાતું છતાં એમણે જગાદીના મોહને લાત મારી સંસારની નાઓને ત્યજી દઈ, સંયમ સ્વીકાર્યો તો ખુલ્લું જ છે.

ચેટકરાજે મગધના રાજકુળમાં પોતાની પુત્રી આપવામાં ઊણપ જોયાની વાત જ્યારથી શ્રેણિકના કાને આવી હતી ત્યારથી જ એના મનમાં વિશાલા સામે પ્રકોપ જન્મ્યો હતો અને જ્યારે તાપસી મુખે ચેટકપુત્રીના રૂપ-લાવણ્યની વાર્તા શ્રવણ કરી ત્યારે તો કોઈ પણ જોખમે એ મદાંધ ભૂપની કન્યાને પરણવાનો મનસુબો કર્યો હતો. પણ સત્તા અને કીર્તિમાં ઘણી ચડતીવાળા ચેટક સામે માથું ઉચકવું એ ઓછું જોખમ નહોતું, તેથી કેટલીયે વાર એ મનોવેદના મનમાં સમાતી પણ અપમાનનો ડંખ ક્ષત્રિયબચ્ચાથી સહજ નથી ભૂલાતો. એમાં વળી રૂપકથાનો યોગ મળ્યો એટલે પ્રચંડ તાલાવેલી જન્મી. અભય- કુમાર સુધી એ વાત પહોંચી.

શ્રી ગણેશાય નમ: એ મંગલિક કાર્યના મંડાણનું આદ્ય સૂત્ર. ચેટકરાજ સામે બળથી નહિં તો કળથી વિજય પ્રાપ્ત કરવો એ મહામંત્રીપણાનો પ્રથમ કાર્યારંભ.

એ માટે સાર્થવાહના રૂપે વિશાલામાં જઈ રાજ્યમહાલય નજીક વસી, સુજ્યેષ્ટાને શ્રેણિક પ્રતિ સ્નેહવંત કરવી, સુરંગ ખોદાવવી, શ્રેણિક ભૂપનો મેળાપ કરાવવો, અલંકારનો કરંડક લેવા સુજ્યેષ્ટાનું જવું અને ચેલણાને લઈ ભૂપનું સુરંગ માર્ગે પલા- યન થવું, એ વેળા સુલસાના બત્રીશ પુત્રોનું એકી સાથે મરણ થવું, વિગેરે ગોઠવ- ણોમાં અભયકુમારે ગુપ્તપણે કાર્યદક્ષતાથી લીધેલ કામથી ભાગ્યે જ જૈન સંતાન અજ્ઞાન હોય. એટલે અલં પ્રસંગેન—

ચોકસી

For Private And Personal Use Only

સં. ૧૯૯૩ ના ભાદરવો તથા આસો અને સં. ૧૯૯૪ ના
કાર્તિક માસની પત્રિકા નં. ૪૩

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા.

## ( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ**—નિયમાનુસાર ધાર્મિક પ્રવૃત્તિઓ સામાયિક, પ્રતિક્રમણ, મુનિવંદન વગેરે દરેક ક્રિયાઓ થઈ રહેલ છે. જ્ઞાનપંચમીના દિવસે વિદ્યાર્થીઓએ એકાસણા કર્યા હતા. કાર્તિક શુદ ૧૫ ના દિવસે ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રા ઉઘડતાં બધા વિદ્યાર્થીઓએ યાત્રા કરી હતી. પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ કાળધર્મ પામતાં વિદ્યાર્થીઓ બધા વંદન કરવા ગયા હતા; તથા અઠ્ઠાઇ મહોત્સવના દર્શનનો લાભ લીધો હતો.

**વિવાદસભા**—

| વિષય. | વક્તા. | પ્રમુખ. |
|---|---|---|
| ૧ વિવેક | હરિલાલ હરજીવન | શ્રી માવજી વીરચંદ |
| ૨ નરવીર લાલાજીનું જીવનચરિત્ર | શાંતિલાલ જાદવજી | શ્રી મનજી ગુલાબચંદ |
| ૩ જૈનોના તીર્થો | શ્રીયુત્ જયંતિલાલ જાદવજી | પંડિત |
| ૪ જૈનોની ઉન્નતિના માર્ગો | પોપટલાલ કેશવજી | લક્ષ્મીચંદ હીરાચંદ |
| ૫ પર્યટન | ચુનીલાલ વીરચંદ | શ્રી મનજી ગુલાબચંદ |
| Progress of science | Jayantilal Chatrabhuj | Virchand Fulchand shah |

**મુલાકાતો**—

શેઠ ચંદુલાલ મોતીલાલ અમદાવાદ, શેઠ કેશવલાલ સાંકળચંદ એડા, બેન અમથીબેન ડોલખામ, શેઠ ઠાકરશી જીવરાજ વઢવાણ, શેઠ અંબાલાલ હેમચંદ વસુ, શેઠ માધવલાલ નારણદાસ અમદાવાદ, શેઠ લાલચંદ ઢઢ્ઢા મદ્રાસ, બેન વિજયાબેન જૂનાગઢ, શેઠ વૃદ્ધિલાલ કચરાભાઈ રાધનપુર, શેઠ ભવાનભાઈ ચાલીશગામ, શેઠ લવજી માનચંદ કચ્છ લાકડીયા. શેઠ માંગશી હામજી [illegible]ગઢ, શેઠ કપૂરચંદ રૂપાજી ઉતમુલ. શેઠ અમથાલાલ ઝુમખરામ પેથાપુર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાદરવા માસની આવક.

૬૧-૧૦-૦ શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે
૩૨૨-૯-૩ શ્રી ભોજન ફંડ ખાતે
૧૫-૦-૦ શ્રી લાયબ્રેરી ફંડ ખાતે
૧૦૦૧-૦-૦ શ્રી મકાન ફંડ ખાતે
૨૫૧-૦-૦ શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે
૮૬-૧૫-૦ શ્રી દેરાસરજી ખાતે

૧૭૩૮-૨-૩

## આસો માસની આવક.

૨૭૭-૧૪-૬ શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે
૧૦૮-૦-૦ શ્રી વાર્ષિક મદદ ખાતે
૩૪૪-૮-૦ શ્રી ભોજન ફંડ ખાતે
૨૫-૦-૦ શ્રી ડેડ સ્ટોક ખાતે
૩૨૫૩-૦-૦ શ્રી મકાન ફંડ ખાતે
૩૦૩-૦-૦ શ્રી આંગી પૂજા ખાતે
૩૫૦૯-૦-૦ શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે
૫-૦-૦ શ્રી દેરાસરજી ખાતે
૫૦૧-૦-૦ શ્રી કેળવણી ટ્રસ્ટ ફંડ ખાતે

૮૩૨૬-૬-૬

## કાર્તિક માસની આવક.

૪૦૯-૦-૦ શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે
૧૩-૦-૦ શ્રી વાર્ષિક મદદ ખાતે
૧૨૮-૩-૬ શ્રી ભોજન ફંડ ખાતે
૧૫-૦-૦ શ્રી કેળવણી ફંડ ખાતે
૫૧-૦-૦ શ્રી આંગી પૂજા ખાતે
૧૫-૧-૬ શ્રી દેરાસરજી ખાતે

૬૩૧-૧૫-૦

ભેટ—

સંઘવી કસ્તૂરચંદ નાનચંદ ગામ રૂપાળ તરફથી પુસ્તક નં. ૧૧, મેતા હીરાચંદ ફુલચંદ ગામ વળા તરફથી રૂપાના સાથીઆ નં. ૨) તોલા ૮) ના,

For Private And Personal Use Only

શેઠ કાન્તિલાલ હરજીવનદાસ ગામ ભાવનગર તરફથી પૂજાની જોડ ૧) અંગ-લુંછણું ૧) જર્મનની થાળી ૧) જર્મનનો કળશો ૧) વાળાકુંચી ૧) તથા સુખડ, શેઠ મોહનલાલ કસળચંદ ગામ અડીયા ગોવન મણ ૪) પંડિત અમૃતલાલભાઈ પાલીતાણા સુભાષિત પદ્યરત્નાકર પુસ્તક ૧) બાઈ જાસુદ તે હરિલાલ છોટાલાલની વિધવા અમદાવાદ પુસ્તકો ૬૪) વકીલ ગુલાબચંદ વાઘજી વઢવાણકેમ્પ ષોડશક ગ્રંથ પુ. ૧.

## જમણવારો.

| | | |
|---|---|---|
| શ્રી પાલીતાણા મહાજન | પાલીતાણા | ભાદરવા શુદિ ૨ |
| શેઠ મોનજી વસનજી | પોરબંદર | ભાદરવા શુદિ ૪ |
| શેઠ કુંવરજી જીવન તથા ગુલાબચંદ ભીખાભાઈ | પાલીતાણા | ભાદરવા શુદિ ૬ |
| શેઠ કુંવરજી મૂળચંદ | ભાવનગર | ભાદરવા શુદિ ૯ |
| ગાંધી હરગોવિંદદાસ મોતીલાલ | ભાવનગર | ભાદરવા શુદિ ૧૫ |
| શેઠ મંગળચંદજી માલુજી | બીકાનેર | આસો શુદિ ૧૧ |
| શેઠ રવચંદ ત્રિભુવન | પુના | આસો વદિ ૯ |
| શ્રી માંડલ મહાજન સમસ્ત | માંડલ | આસો વદિ ०)) |
| ગાંધી ચતુર્ભુજ મોતીલાલ | ભાવનગર | કારતક શુદિ ૧ |
| શેઠ ભોગીલાલ ત્રીકમલાલ | અમદાવાદ | કારતક શુદિ ૪ |
| શેઠ દ્વારકાદાસ જમનાદાસ | વડોદરા | કારતક શુદિ ૧૩ |
| બાબુ હનુમાનસંગજી લક્ષ્મીસંગજી | કલકત્તા | કારતક શુદિ ૧૫ |
| શેઠ ધીરાજી માલાજી | કરાડ | કારતક વદિ ૪ |
| શેઠ ચુનીલાલ છગનલાલ | વીસનગર | કારતક વદિ ૫ |
| શ્રી મોટી ટોળી | પાલીતાણા | કારતક વદિ ૧૨ |

## સમાજના દાનવીરોને—

હજુ મકાન ખાતે રૂા. ૮૫૦૦) તથા શ્રી દેરાસરજી ખાતે રૂા. ૪૦૦૦) નો તૂટો છે. તે રકમ સાધારણ ખાતે લેણી પડે છે તો સમાજના દાનવીરોને તે તૂટો પૂરો કરી આપવા અમારી નમ્ર વિનંતિ છે. ઉપરની આવકનાં મકાન ફંડ ખાતે રૂા. ૪૦૦૦) ચાલુ સાલની આવક જતાં મકાન ફંડ ખાતે જણાવેલ રકમ તૂટે છે તો સમાજના દાનવીર ગૃહસ્થોને પોતાનો ઉદાર હાથ લંબાવી તે રકમ પૂરી પાડવા અમારી નમ્ર વિનંતિ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બે સભાસદોના ખેદકારક સ્વર્ગવાસ

### ૧ ભાઈ શ્રી નાનચંદ ઓધવજી

આ બંધુ આ સભાના લાઈફ મેમ્બર હતા. પાછળના ભાગમાં સંસાર તરફ ઉદાસીન વૈરાગ્ય થવાથી પોંડીચેરી શ્રી અરવિંદ ઘોષના આશ્રમમાં દશ વર્ષથી રહેલા હતા. તેઓ [illegible] જ માગશર શુદિ ૬ કે દેહમુક્ત થયા છે. તેમના બે પુત્ર ને એક પુત્રી ત્યાં છે અને [illegible]ની વિધવા તથા બે પુત્ર ને એક પુત્રી ભાવનગર છે. એઓ રા. રા. જીવરાજભાઈ [illegible]ઘવજી( સર ન્યાયાધીશ )ના લઘુ બંધુ હતા. એમના ૫૫ વર્ષે થયેલા સ્વર્ગવાસથી સભાને [illegible]ક સાત્વિક સભ્યની ખામી પડી છે. અને એમના કુટુંબને અંતઃકરણથી દિલાસો આપીએ [illegible]એ અને તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

### ૨ ભાઈશ્રી કુંવરજી ગોકળજી

આ ધોરાજીનિવાસી બંધુએ શ્રી વેરાવળમાં જૈનશાળાના માસ્તર તરીકે ૩૮ વર્ષ [illegible] બજાવી હતી. શ્રી સંઘનો પ્યાર મેળવ્યો હતો. અનેક પ્રકારના તપો કર્યા હતા. વર્ષીતપ [illegible]લતો હતો. અનેક તીર્થોની યાત્રા કરી હતી. શ્રી સિદ્ધાચળ મહાતીર્થની ૯૯ યાત્રા કરી [illegible]તી. સ્થિતિ સાધારણ છતાં સાત આઠ હજાર જેટલી રકમ વેરાવળ તેમજ સિદ્ધાચળ [illegible]ર્થે શુભ નિમિત્તમાં આપી છે. હજુ બે હજારની રકમ તેમના પાછળ ખર્ચાવા સંભવ છે. [illegible]વન, સજ્ઝાયો વિગેરે પુષ્કળ તેમને કંઠે હતા. એકંદર ધાર્મિક પ્રવૃત્તિમાં જ વખતનો વ્યય [illegible]રનારા હતા. તેઓ કોઇ પ્રસંગને લઇને પાનેલી ગયેલા ત્યાં માગશર શુદિ ૭ મે માત્ર અલ્પ [illegible]મયના વ્યાધિમાં ૭૦ વર્ષની વયે સમાધિપૂર્વક પંચત્વ પામ્યા છે. સભાને એક લાયક [illegible]મિષ્ટ સભ્યની ખામી પડી છે અમે એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા

આ ગ્રંથમાળાના ઉત્પાદક સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી કાળધર્મ [illegible]મેલા હોવાથી તે ગ્રંથમાળા સંબંધી તેમજ તેને અંગે પુસ્તક પ્રકાશન સંબંધી પત્ર-વ્યવહાર અમારી સભા સાથે કરવો. ( શ્રી જૈ. ધ. પ્ર. સભા. )

---

## નવા સભાસદોના નામ

| | | | |
|---|---|---|---|
| [illegible] નાનચંદ છગનલાલ | ભાવનગરવાળા. | હાલ મુંબઇ | લાઇફ મેમ્બર |
| [illegible] બાપુલાલ ચુનીલાલ | પાટણવાળા. | હાલ વીલેપારલા | ,, ,, |
| [illegible] ગીરધરલાલ લલ્લુભાઇ | | ગોધરા | પેલા વર્ગના મેમ્બર |
| [illegible] તલકચંદ પાનાચંદ ખુશાલ | | ભાવનગર પરા | ,, ,, |

---

## શ્રી સમવાયાંગ સૂત્ર-ભાષાંતર સહિત

આ સૂત્ર અનુવાદ સાથે છપાઇને બહાર પડતાં હજુ છ માસ ઉપરાંત થવા સંભવ છે [illegible]થી પ્રથમથી ગ્રાહક થનારે તાકીદ માટે પત્ર લખવા તસ્દી લેવી નહીં.

For Private And Personal Use Only